# પ્રાચીન સ્તવનાવલી




૧૬



## નમસ્કાર મહામંત્ર મહિમા

સમરો મંત્ર ભલો નવકાર,<br>
એ છે ચૌદ પૂર્વનો સાર;<br>
એના મહિમાનો નહિ પાર,<br>
એનો અર્થ અનંત અપાર.૧

સુખમાં સમરો, દુઃખમાં સમરો,<br>
સમરો દિન ને રાત;<br>
જીવતા સમરો, મરતાં સમરો,<br>
સમરો સૌ સંગાથ.૨

જોગી સમરે ભોગી સમરે,<br>
સમરે રાજા રંક;<br>
દેવો સમરે, દાનવ સમરે,<br>
સમરે સૌ નિશંક.૩

અડસઠ અક્ષર એના જાણો,<br>
અડસઠ તીરથ સાર;<br>
આઠ સંપદાથી પરમાણો,<br>
અડસિદ્ધિ દાતાર.૪

નવ પદ એના નવનિધિ આપે,<br>
ભવોભવનાં દુઃખ કાપે;<br>
"ચંદ્ર" વચનથી હૃદયે વ્યાપે,<br>
પરમાતમ પદ આપે.૫

# પ્રાચીન સ્તવનાવલી

## ૧૬

## શ્રી શાંતિનાથ ભગવાન

:: પ્રાપ્તિ સ્થાન :

શ્રી હસમુખભાઈ ચુડગર

૨૦૨-૨૦૩, ચીનુભાઈ સેન્ટર,

અમદાવાદ-૩૮૦૦૦૯.

પ્રત : ૧૦૦૦ મુલ્ય : શ્રદ્ધા ભક્તિ

# કિંચિદ્ કથન

પરમાત્મભક્તિ એ આત્માને પરમાત્મા સાથે એકાકાર થવાનું અમોઘ સાધન છે... માણસ એકલો એકલો બોલે તો કોઈક ગાંડો ગણે પણ જો એકલો એકલો ગાતો હોય તો મસ્તીમાં મસ્ત કહેવાય... શાસ્ત્રીય રાગ અને પ્રાચીનકૃતિઓ બે વસ્તુનો મેળાપ ભક્તને પરમાત્મભક્તિમાં રસતરબોળ કરી દે છે... "ભક્તિરસઝરણા" પુસ્તકમાંથી જુદા જુદા પૂર્વ પૂજયોના સ્તવનોનો સંગ્રહ શ્રી સંઘના સદુપયોગ અર્થે, પરમાત્મભક્તિ માટે પ્રકાશિત કરતાં અનેરો આનંદ અનુભવું છું આ નિમિત્તે પરમાત્મા મારા હૃદયમાં વસે અને પરભવમાં મને વહેલા મળે...

પં.નંદીભૂષણવિજયજી મ.

# અનુક્રમણિકા


| ચૈત્યવંદન | કર્તા | પાના નં. |
|---|---|---|
| સર્વાર્થ સિદ્ધે થકી | શ્રી વીરવિજયજી | ૧ |
| શાંતિ જિનેશ્વર સોળમા | શ્રી પદ્મવિજયજી | ૨ |
| ભાદ્રવ વદિ સાતમ દિને | શ્રી જ્ઞાનવિમલજી | ૨ |

| સ્તવન | કર્તા | પાના નં. |
|---|---|---|
| શાંતિ જિનેશ્વર સાચો સાહિબ | શ્રી જિનરંગ વિ. | ૩ |
| સુણો શાંતિ જિણંદ સોભાગી | શ્રી ઉદયરત્નજી | ૪ |
| મારો મુજરો લ્યોને રાજ | શ્રી વિમલવિજયજી | ૫ |
| "શાંતિજિન ! એક મુજ વિનંતિ | શ્રી આનંદઘનજી | ૫ |
| ધન દિન વેલા ! ધન ઘડી તેહ | શ્રી યશોવિજયજી | ૭ |
| જગ જન મન રંજેરે | શ્રી યશોવિજયજી | ૮ |
| ગજપુર નયર વિભૂષણ દૂષણ | શ્રી યશોવિજયજી | ૯ |
| સાહિબ હો પ્રભુ ! તુમ્હે સાહિબ | શ્રી ભાણવિજયજી | ૧૦ |
| ભગત-વત્સલ પ્રભુ ! સાંભળો | શ્રી આણંદવર્ધનજી | ૧૧ |
| શાંતિનાથ સોહામણો રે | શ્રી લક્ષ્મી વિમલજી | ૧૨ |
| શ્રી શાંતિ જિનેસર ! સાહિબા; તુજ | શ્રી માનવિજયજી | ૧૩ |
| સુણો શાંતિ-જિનેસર ! સાહિબા | શ્રી જ્ઞાનવિમલસૂરિજી | ૧૪ |
| શાંતિપ્રભુ ! સોહે પરમ-દયાલા | શ્રી ભાવવિજયજી | ૧૫ |

| સ્તવન | કર્તા | પાના નં. |
|---|---|---|
| શાંતિજિનેસર સોળમો | શ્રી વિનયવિજયજી | ૧૬ |
| ચિત્ત ચાહત સેવા ચરનનકી-ચિત્ત | શ્રી હરખચંદજી | ૧૬ |
| સખિ ! સેવો શાંતિ-જિણંદને | શ્રી નયવિજયજી | ૧૭ |
| કાંમિત પૂરણ ચૂરણ ચિંતા | શ્રી ઋષભસાગરજી | ૧૮ |
| પોસહમાં પારેવડો રાખ્યો | શ્રી ઉદયરત્નજી | ૨૦ |
| શાંતિ-જિન ચરણકજ-સેવના | શ્રી જિન વિજયજી | ૨૦ |
| તું પારંગત તું પરમેસર વાલા મારા | શ્રી જિનવિજયજી | ૨૧ |
| શ્રીશાંતિ-જિણેસર સોળમોરે | શ્રી હંસરત્નજી | ૨૨ |
| સોળમા શ્રી જિનરાજ ઓળગ સુણો | શ્રી મોહનવિજયજી | ૨૩ |
| શાંતિજિણંદ સોહામણા રે-જોજો | શ્રી મોહનવિજયજી | ૨૫ |
| શાંતિજિણંદ મહારાજ-જગતગુરૂ | શ્રી મોહનવિજયજી | ૨૬ |
| સુંદર શાંતિ જિણંદની | શ્રી રામવિજયજી | ૨૬ |
| મેરા શાંતિજિણંદ | શ્રી કાંતિવિજયજી | ૨૭ |
| સાહિબ ! કબ મિલે સસનેહી પ્યારા | શ્રી ન્યાયસાગરજી | ૨૮ |
| શાંતિજિનેશરદેવ દયાળ શિરોમણિ રે | શ્રી ન્યાયસાગરજી | ૨૯ |
| શાંતિ જિનેસર સોળમો સ્વામી રે | શ્રી પદમવિજયજી | ૩૦ |
| હાંરે મ્હારે ! શાંતિ જિનેસર અલવેસર | શ્રી પદમવિજયજી | ૩૦ |

| સ્તવન | કર્તા | પાના નં. |
|---|---|---|
| જીરે ! શ્રી શાંતિ નિરૂપમ ચક્રી | શ્રી વિજયલક્ષ્મીસૂરિજી | ૩૧ |
| જીરે ! મારે-શાંતિ જિનેસર દેવ | શ્રી કીર્તિવિમલજી | ૩૨ |
| શાંતિ જિનેસર તાહરી | શ્રી દાનવિમલજી | ૩૩ |
| સકળ મનોરથ સુરમણી | શ્રી વિનીતવિજયજી | ૩૩ |
| મિલબો મનમંદિર મેરા | શ્રી અમૃતવિજયજી | ૩૪ |
| શાંતિજિનાધિપ સોલમોરે | શ્રી પ્રમોદસાગરજી | ૩૪ |
| સોળમાં શાંતિ જિનેશ્વરૂ હો રાજ, | શ્રી ભાણચંદ્રજી | ૩૫ |
| સકળ સુખકર સાહિબોરે-શ્રી શાંતિ | શ્રી ખુશાલમુનિજી | ૩૬ |
| શાંતિ હો ! જિન ! શાંતિ કરો | શ્રી ચતુરવિજયજી | ૩૭ |
| જગતદિવાકર જગત કૃપાનિધિ | શ્રી દેવચંદ્રજી | ૩૮ |
| જગ જગનાયક, જિનચંદા | શ્રી જીવણવિજયજી | ૩૯ |
| શાંતિ-જિનેસર સુખકર, મૂરતિ | શ્રી દાનવિજયજી | ૪૦ |
| સજની ! શાંત-મહારસ-સાગરૂ | શ્રી મેઘવિજયજી | ૪૧ |
| સાંભળ હો ! પ્રભુ ! સાંભળ | શ્રી કેશરવિમલજી | ૪૨ |
| અચિરા-સુત સુખકાર પ્રભુ | શ્રી કનકવિજયજી | ૪૩ |
| સહજ સલૂણો હો ! સુ-સ્નેહી | શ્રી રૂચિરવિમલજી | ૪૪ |
| શાંતિ જિણેસર સાહિબા | શ્રી રૂચિરવિમલજી | ૪૫ |
| સખી ! સેવીઇ શાંતિ-જિણેસરુ | શ્રી ભાવપ્રભસૂરિ | ૪૬ |

| સ્તવન | કર્તા | પાના નં. |
| --- | --- | --- |
| અચિરા-નંદન વંદિયે-હું વારી | શ્રી રતનવિજયજી | ૪૭ |
| શાંતિ જિનેસર સેવતાં રે રાજ | શ્રી માણેકમુનિજી | ૪૮ |
| શાંતિનાથ ધર્મ-મનોહરુ રે | શ્રી દીપવિજયજી | ૪૯ |
| શાંતિનાથ સવ્વઠ્ઠ ચવી કરી | શ્રી ધર્મકીર્તિ ગણિ | ૫૦ |
| સેવો ભવી શાંતિ જિણંદ સનેહા | શ્રી સ્વરૂપચંદજી | ૫૧ |
| સુણો શાંતિ-જિણંદારે, તુમ દીઠે | શ્રી જશવિજયજી | ૫૨ |
| તાર ! મુજ તાર ! મુજ તાર | શ્રી જ્ઞાનવિમલજી | ૫૩ |
| ભવિજન ! સેવો શાંતિ-જિણંદ। | શ્રી ગુણવિલાસજી | ૫૪ |
| અહો ! મેરે ! નાથ શાંતિ જિણેસર | શ્રી જગજીવનજી | ૫૫ |
| પ્યારો પ્રેમ કો મેરો સાહિબ | શ્રી જિનહર્ષજી | ૫૬ |
| હમ મગન ભયે પ્રભુ ધ્યાનમેં | શ્રી યશોવિજયજી | ૫૬ |
| સેવો સેવોને રાજ શાંતિ-જિનેશ્વર | શ્રી મુક્તિવિજયજી | ૫૭ |
| સુણ દયાનિધિ ! તુજ પદપંકજ | શ્રી જીવવિજયજી | ૫૮ |

| થોય | કર્તા | પાના નં. |
| --- | --- | --- |
| શાંતિ સુહંકર સાહિબો | શ્રી વીરવિજયજી | ૫૯ |
| વંદો જિન શાંતિ | શ્રી પદ્મવિજયજી | ૬૦ |

# ચૈત્યવંદન વિધિ

## (નીચે મુજબ પ્રથમ ઈરિયાવહિ કરવી)

## ● ઈચ્છામિ ખમાસમણ સૂત્ર ●

ઈચ્છામિ ખમાસમણો ! વંદિઉં જાવણિજ્જાએ,
નિસીહિઆએ, મત્થએણ વંદામિ.

ભાવાર્થ : આ સૂત્ર દ્વારા દેવાધિદેવ પરમાત્માને તથા પંચમહાવ્રતધારી સાધુ ભગવંતોને વંદન થાય છે.

## ● ઈરિયાવહિયં સૂત્ર ●

ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! ઈરિયાવહિયં પડિક્કમામિ ? ઈચ્છં, ઈચ્છામિ પડિક્કમિઉં ૧. ઈરિયાવહિયાએ, વિરાહણાએ ૨. ગમણાગમણે ૩. પાણક્કમણે બીયક્કમણે હરિયક્કમણે, ઓસાઉત્તિંગપણગ દગ, મટ્ટી મક્કડા સંતાણા સંકમણે ૪. જે મે જીવા વિરાહિયા,, ૫. એગિંદિયા, બેઈંદિયા, તેઈંદિયા, ચઉરિંદિયા, પંચિંદિયા ૬. અભિહયા, વત્તિયા, લેસિયા, સંઘાઈયા, સંઘટ્ટિયા, પરિયાવિયા, કિલામિયા, ઉદ્દવિયા, ઠાણાઓઠાણં, સંકામિયા, જીવિયાઓ વવરોવિયા, તસ્સ મિચ્છામિ દુક્કડં ૭.

ભાવાર્થ : આ સૂત્રથી હાલતા-ચાલતા જીવોની અજાણતા વિરાધના થઈ હોય કે પાપ લાગ્યા હોય તે દૂર થાય છે.

## ● તસ્સ ઉત્તરી સૂત્ર ●

તસ્સ ઉત્તરીકરણેણં, પાયચ્છિત્તકરણેણં, વિસોહિકરણેણં, વિસલ્લીકરણેણં, પાવાણં કમ્માણં નિગ્ઘાયણટ્ઠાએ, ઠામિ કાઉસ્સગ્ગં.

ભાવાર્થ : આ સૂત્ર દ્વારા ઈરિયાવહિયં સૂત્રથી બાકી રહેલા પાપોની વિશેષ શુદ્ધિ થાય છે.

## ● અન્નત્થ સૂત્ર ●

અન્નત્થ ઊસસિએણં, નિસસિએણં, ખાસિએણં, છીએણં, જંભાઈએણં, ઉડ્ડુએણં, વાયનિસગ્ગેણં, ભમલીએ, પિત્તમુચ્છાએ ૧ સુહુમેહિં અંગસંચાલેહિં, સુહુમેહિં ખેલસંચાલેહિં, સુહુમેહિં દિટ્ઠિસંચાલેહિં ૨. એવંમાઈએહિં આગારેહિં અભગ્ગો, અવિરાહિઓ, હુજ્જ મે કાઉસ્સગ્ગો ૩. જાવ અરિહંતાણં, ભગવંતાણં, નમુક્કારેણં ન પારેમિ ૪. તાવ કાયં ઠાણેણં, મોણેણં, ઝાણેણં, અપ્પાણં વોસિરામિ ૫.

**ભાવાર્થ :** આ સૂત્રમાં કાઉસગ્ગના સોળ આગારનું વર્ણન તથા કેમ ઉભા રહેવું તે બતાવેલ છે.

(પછી એક લોગસ્સનો ચંદેસુ નિમ્મલયરા સુધીનો અને ન આવડે તો ચાર નવકારનો કાઉસ્સગ્ગ કરવો, પછી પ્રગટ લોગસ્સ કહેવો)

## ● લોગસ્સ સૂત્ર ●

લોગસ્સ ઉજ્જોઅગરે, ધમ્મતિત્થયરે જિણે; અરિહંતે કિત્તઈસ્સં, ચઉવિસંપિ કેવલી ૧. ઉસભમજિઅંચ વંદે, સંભવમભિણંદણં ચ સુમઈં ચ; પઉમપ્પહં સુપાસં, જિણંચચંદપ્પહં વંદે ૨. સુવિહિં ચ પુપ્ફદંતં, સીઅલ સિજ્જંસ વાસુપુજ્જં ચ; વિમલમણંતં ચ જિણં, ધમ્મં સંતિ ચ વંદામિ ૩. કુંથું અરં ચ મલ્લિં, વંદે મુણિસુવ્વયં નમિજિણં ચ; વંદામિ રિટ્ઠનેમિં, પાસં તહ વદ્ધમાણં ચ ૪. એવં મએ અભિથુઆ, વિહુય રયમલા પહીણ જરમરણા; ચઉવિસંપિ જિણવરા, તિત્થયરા મે પસીયંતુ ૫. કિત્તિય-વંદિય મહિયા, જેએ લોગસ્સ ઉત્તમા સિદ્ધા; આરૂગ્ગબોહિલાભં, સમાહિવરમુત્તમં દિન્તુ. ૬. ચંદેસુ નિમ્મલયરા, આઈચ્ચેસુ અહિયં પયાસયરા, સાગરવરગંભીરા, સિદ્ધા સિદ્ધિં મમ દિસંતુ. ૭.

**ભાવાર્થ :** આ સૂત્રમાં ચોવીસ તીર્થકરોની નામપૂર્વક સ્તુતિ કરવામાં આવી છે.

(પછી ત્રણ ખમાસમણ દઈ, ડાબો
પગ જમીન ઉપર સ્થાપીને હાથ જોડી)
**ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! ચૈત્યવંદન કરું ? ઈચ્છં**
**કહી સકલકુશલ કહી ચૈત્યવંદન કરવું.**

સકલ કુશલ વલ્લિ - પુષ્કરાવર્ત મેઘો,
દુરિત તિમિર ભાનું : કલ્પવૃક્ષોપમાન :
ભવજલનિધિ પોત : સર્વ સંપત્તિ હેતું :,
સ ભવતુ સતતં વ:
શ્રેયસે શાન્તિનાથ : શ્રેયસે પાર્શ્વનાથ :

**(આ પછી પુસ્તકમાંથી ચૈત્યવંદન બોલવું)**

## ● જંકિંચિ સૂત્ર ●

જંકિંચિ નામતિત્થં, સગ્ગે પાયાલિ માણુસે લોએ;
જાઈ જિણબિંબાઈ, તાઈ સવ્વાઈ વંદામિ.

**ભાવાર્થ :** આ સૂત્ર દ્વારા ત્રણે લોકમાં વિદ્યમાન નામ રૂપી તીર્થો અને જિન પ્રતિમાઓને નમસ્કાર કરવામાં આવેલ છે.

## ● નમુત્થુણં સૂત્ર ●

નમુત્થુણં અરિહંતાણં ભગવંતાણં. ૧. આઈગરાણં તિત્થયરાણં, સયંસંબુદ્ધાણં, ૨. પુરિસુત્તમાણં, પુરિસસીહાણં, પુરિસવરપુંડરિઆણં, પુરિસવરગંધહત્થીણં. ૩. લોગુત્માણં, લોગનાહાણં, લોગહિઆણં, લોગપઈવાણં, લોગપજ્જોઅગરાણં. ૪. અભયદયાણં, ચકખુદયાણં, મગ્ગદયાણં, સરણદયાણં, બોહિદયાણં, ૫. ધમ્મદયાણં,

ધમ્મદેસયાણં, ધમ્મનાયગાણં, ધમ્મસારહીણં, ધમ્મવરચાઉરંત-ચક્કવટ્ટીણં. ૬. અપ્પડિહયવરનાણ - દંસણધરાણં, વિયટ્ટ-છઉમાણં. ૭. જિણાણં જાવયાણં, તિન્નાણં તારયાણં; બુદ્ધાણં બોહયાણં, મુત્તાણં મોઅગાણં. ૮. સવ્વન્નૂણં, સવ્વદરિસીણં, સિવમયલ મરૂઅ - મણંત મક્ખય મવ્વાબાહ - મપુણારાવિત્તિ - સિદ્ધિ ગઈ નામધેયં, ઠાણં સંપત્તાણં, નમો જિણાણં, જિઅભયાણં. ૯. જે અ અઈયા સિદ્ધા, જે અ ભવિસ્સંતિણાગએ કાલે; સંપઈ અ વટ્ટમાણા, સવ્વે તિવિહેણ વંદામિ. ૧૦.

**ભાવાર્થ :** આ સૂત્રમાં અરિહંત પરમાત્માના ગુણોનું વર્ણન છે. અને ઈન્દ્ર મહારાજા પ્રભુની સ્તુતિ કરતી વખતે આ સૂત્ર બોલે છે.

## ● જાવંતિ ચેઈઆઈ સૂત્ર ●

(ફક્ત પુરૂષોએ બે હાથ ઉંચા કરીને બોલવું)

જાવંતિ ચેઈઆઈ. ઉડ્ઢે અ અહે અ તિરિઅલોએ અ; સવ્વાઈ તાઈ વંદે, ઈહ સંતો તત્થ સંતાઈ.

**ભાવાર્થ :** આ સૂત્રદ્વારા ત્રણે લોકમાં રહેલી જિન પ્રતિમાજીઓને નમસ્કાર કરવામાં આવે છે.

ઈચ્છામિ ખમાસમણો વંદિઉ જાવણિજ્જાએ
નિસિહિઆએ મત્થએણ વંદામિ.

## ● જાવંત કેવિ સાહૂ સૂત્ર ●

જાવંત કેવિ સાહૂ, ભરહેરવયમહાવિદેહે અ; સવ્વેસિં તેસિં, પણઓ, તિવિહેણ તિદંડવિરયાણં.

ભાવાર્થ : આ સૂત્રમાં ભરત, ઐરાવત અને મહાવિદેહ ત્રણેય ક્ષેત્રમાં વિચરતાં સર્વે સાધુ સાધ્વી ભગવંતોને નમસ્કાર કરવામાં આવે છે.

(નીચેનું સૂત્ર ફકત પુરૂષોએ બોલવું)

## ● નમોऽર્હત્સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્ય : ●

ભાવાર્થ : આ સૂત્રમાં પંચપરમેષ્ઠિ ભગવંતોને નમસ્કાર કરવામાં આવ્યો છે.

**(આ પછી આ પુસ્તકમાંથી સુંદર અને ભાવવાહી સ્તવનોના સંગ્રહમાંથી કોઈપણ એક સ્તવન ગાવું.)**

**(બે હાથ ઉંચા કરીને બોલવું / બહેનોએ હાથ ઉંચા કરવા નહીં)**

## ● જય વીયરાય સૂત્ર ●

જય વીયરાય ! જગગુરૂ ! હોઉં મમં તુહ પભાવઓ ભયવં !
ભવનિવ્વેઓ મગ્ગા-ણુસારિઆ ઈઠ્ઠફલસિદ્ધી.......૧
લોગવિરૂદ્ધચ્ચાઓ, ગુરૂજણપૂઆ, પરત્થકરણં ચ;
સુહુગુરૂજોગો તવ્વયણ-સેવણા આભવમખંડા......૨

(બે હાથ નીચે કરીને)

વારિજ્જઈ જઈવિ નિથાણ-બંધણં વીયરાય ! તુહ સમયે ;
તહવિ મમ હુજ્જ સેવા, ભવે ભવે તુમ્હ ચલણાંણ......૩
દુક્ખક્ખઓ કમ્મક્ખઓ, સમાહિમરણં ચ બોહિલાભો અ;
સંપજ્જઉ મહ એઅં, તુહ નાહ ! પણામકરણેણં......૪
સર્વ-મંગલ-માંગલ્યં, સર્વ કલ્યાણકારણમ્;

પ્રધાનં સર્વ-ધર્માણાં, જૈનં જયતિ શાસનમ્.......૫

**ભાવાર્થ :** આ સૂત્રમાં પ્રભુ પાસે ઉત્તમ પ્રકારની પ્રાર્થના કરવામાં આવી છે.

(પછી ઉભા થઈને)

## ● અરિહંતચેઈઆણં સૂત્ર ●

અરિહંતચેઈઆણં, કરેમિ કાઉસ્સગ્ગં ૧. વંદણવત્તિઆએ, પૂઅણવત્તિઆએ, સક્કારવત્તિઆએ, સમ્માણવત્તિઆએ, બોહિલાભવત્તિઆએ, નિરૂવસગ્ગવત્તિઆએ ! ૨ સદ્ધાએ, મેહાએ, ધિઈએ, ધારણાએ, અણુપ્પેહાએ, વડ્ઢમાણીએ, ઠામિ કાઉસ્સગ્ગં.૩

**ભાવાર્થ :** આ સૂત્રમાં જ્યાં ચૈત્યવંદન કરતા હોઈએ તે દેરાસરની તમામ પ્રતિમાઓને વંદન કરવામાં આવે છે.

## ● અન્નત્થ સૂત્ર ●

અન્નત્થ ઊસસિએણં, નિસસિએણં, ખાસિએણં, છીએણં, જંભાઈએણં, ઉડ્ડુએણં, વાયનિસગ્ગેણં, ભમલીએ પિત્તમુચ્છાએ. ૧ સુહુમેહિં અંગસંચાલેહિં, સુહુમેહિં ખેલસંચાલેહિં સુહુમેહિં દિઠ્ઠિસંચાલેહિં. ૨ એવમાઈએહિં આગારેહિં, અભગ્ગો અવિરાહિઓ હુજ્જમે કાઉસ્સગ્ગો. ૩ જાવ અરિહંતાણં ભગવંતાણં નમુક્કારેણં ન પારેમિ, તાવ કાયં ઠાણેણં, મોણેણં, ઝાણેણં, અપ્પાણં વોસિરામિ ૪

(કહીને એક નવકારનો કાઉસ્સગ્ગ કરી, પારીને)

**નમોઽર્હત્સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્ય :**

**(આ પછી પુસ્તકમાંથી થોય કહેવી)**

# શ્રી શાંતિનાથ ભગવાનના ચૈત્યવંદન

## શ્રી વીરવિજયજી કૃત ચૈત્યવંદન

સર્વાર્થ સિદ્ધે થકી, ચવિયા શાંતિ જિણેશ ।
હસ્તિનાગપુર અવતર્યા, યોનિ હસ્તિ વિશેષ ॥૧॥
માનવ ગણ ગુણવંતને, મેષરાશિ સુવિલાસ ।
ભરણિએ જન્મ્યા પ્રભુ, છદ્‌મસ્થા એગવાસા ॥૨॥
કેવલ નંદિ તરૂ તલેએ, પામ્યા અંતર ઝાણ ।
વીર કરમને ક્ષય કરી, નવશતશું નિર્વાણ ॥૩॥

## શ્રી પદ્મવિજયજી કૃત ચૈત્યવંદન

શાંતિ જિનેશ્વર સોળમા, અચિરાસુત વંદો ।
વિશ્વસેન કુળનભોમણિ ભવિજન સુખ કંદો ॥૧॥
મૃગ લંછન જિન આઉખું, લાખ વરસ પ્રમાણ ।
હત્થિણાઉર નયરી ધણી, પ્રભુજી ગુણ મણિ ખાણ ॥૨॥
ચાલીશ ધનુષની દેહડી, સમચોરસ સંઠાણ ।
વદન પદ્મ જ્યું ચંદલો, દીઠે પરમ કલ્યાણ ॥૩॥

## શ્રી જ્ઞાનવિમલજી કૃત ચૈત્યવંદન

ભાદ્રવ વદિ સાતમ દિને, સવ્વટ્ઠથી ચવિયા;
વદિ તેરશ જેઠે જણ્યા, દુઃખ દોહગ સમિયા ॥૧॥
જેઠ વદિ ચૌદશ દિને, લીયે સંજમ પ્રેમ;
કેવલ ઉજ્વલ પોસની, નવમી દિન ખેમ ॥૨॥
પંચમ ચક્રી પરવડાએ સોલસમા જિનરાજ;
જેઠ વદિ તેરશે શિવ લહ્યા, નય કહે સારો કાજ ॥૩॥

# શ્રી શાંતિનાથ ભગવાનના સ્તવન

## કર્તા : શ્રી જિનરંગ વિ.મ.

શાંતિ જિનેશ્વર સાચો સાહિબ, શાંતિકરણ ઈન-કલિમેં **હો જિનજી;**
**તું** મેરા મનમેં... **તું મેરા દિલમેં,** ધ્યાન ધરૂં પલ પલમેં સાહેબજી.
ભવમાં ભમતાં મેં દરિશન પાયો, આશા પૂરો એક પલમેં **હો જિનજી.**
નિર્મળ જ્યોત વદન પર સોહે, નિકસ્યો જ્યું ચંદ બાદલમેં **હો જિનજી.**
મેરો મન તુમ સાથે લીનો, મીન વસે જ્યું જલમેં **હો જિનજી.**
જિનરંગ કહે પ્રભુ શાંતિ જિનેશ્વર, દીઠોજી દેવ સકલમેં **હો જિનજી.**

## કર્તા : શ્રી ઉદયરત્ન મ.સા.

**સુણો શાંતિ જિણંદ સોભાગી, હું તો થયો છું તુમ ગુણરાગી;**
તુમે નિરાગી ભગવંત, જોતાં કિમ મળશે તંત.સુણો..૧

હું તો ક્રોધ કષાયનો ભરિયો, તું તો ઉપશમ રસનો દરિયો;
હું તો અજ્ઞાને આવરિયો, તું તો કેવલ કમલા વરિયો.સુણો..૨

હું તો વિષયા રસનો આશી, તેં તો વિષયા કીધી નિરાશી;
હું તો કર્મને ભારે ભરિયો, તેં તો પ્રભુજી ભાર ઉતાર્યો.સુણો..૩

હું મોહતણે વશ પડીઓ, તેં તો સઘળા મોહને હણીયો;
હું તો ભવસમુદ્રમાં ખૂંચ્યો, તું તો શિવમંદિરમાં પહુંચ્યો.સુણો..૪

મારે જન્મ-મરણનો જોરો, તેં તો તોડ્યો તેહનો દોરો;
મારો પાસો ન મેલે રાગ, તમે પ્રભુજી થયા વીતરાગ.સુણો..૫

મને માયાએ મૂક્યો પાશી, તું તો નિરબંધ ને અવિનાશી;
હું તો સમક્તિથી અધૂરો, તું તો સકલ પદારથે પૂરો. સુણો..૬

મારે તો તું હી પ્રભુ એક, તારે મુજ સરીખા અનેક;
હું તો મનથી ન મુકું માન, તું તો માન રહિત ભગવાન.સુણો..૭

મારૂં કીધું કશું નવિ થાય, તું તો રંકને કરે છે રાય;
એક કરો મુજ મહેરબાની, મારો મુજરો લેજો માની.સુણો..૮

એકવાર જો નજરે નીરખો, તો પ્રભુ હું થાઉં તુમ સરીખો;
જો સેવક તુમ સરીખો થાશે, તો ગુણ તમારા ગાશે.સુણો..૯

ભવોભવ તુમ ચરણોની સેવા, હું તો માંગું છું દેવાધિદેવા;
સામું જુઓને સેવક જાણી, એવી ઉદયરત્નની વાણી.સુણો.૧૦

## કર્તા : ઉપા. વિમલવિજયજી મ.સા.

**મારો મુજરો લ્યોને રાજ ! સાહિબ ! શાંતિ સલુણા !**

અચિરાજીના નંદન તોરે, દરિસણ હેતે આવ્યો;
સમક્તિ રીઝ કરોને સ્વામી, ભક્તિ ભેટણું લાવ્યો, **મા.૧..**

દુ:ખભંજન છે બિરૂદ તમારૂં, અમને આશ તુમારી;
તુમે નિરાગી થઈને છુટો, શી ગતિ હોશે અમારી ? **મા..૨..**

કહેશે લોક ન તાણી કહેવું, એવડું સ્વામી આગે;
પણ બાળક જો બોલી ન જાણે, તો કિમ વ્હાલો લાગે, **મા..૩..**

મ્હારે તો તું સમરથ સાહિબ, તો કિમ ઓછું માનું ?
ચિંતામણિ જેણે ગાંઠે બાંધ્યું, તેહને કામ કિશ્યાનું **મા..૪..**

અધ્યાતમ રવિ ઉગ્યો મુજ ઘટ, મોહ તિમિર હર્યું જુગતે;
વિમલવિજય વાચકનો સેવક, રામ કહે શુભ ભગતે **મા..૫..**

## કર્તા : શ્રી આનંદઘનજી મ.

**(રાગ મલ્હાર-ચતુર ચોમાસું પડિક્કમી-એ દેશી.)**

"**શાંતિજિન** ! એક મુજ વિનતિ, સુણો ત્રિભુવન-રાયરે ।
'શાંતિ-સ્વરૂપ કિમ જાણીયે ? કહો-'મન[૧] કિમ પરખાયરે"– શાંતિ૦ ॥૧॥
'ધન્ય[૨] ! તું આતમા ! જેહને, એહવો પ્રશ્ન[૩]- અવકાશરે ।
ધીરજ મન ધરી સાંભળો, કહું શાંતિ[૪] પ્રતિભાસરે'–શાંતિ૦॥૨॥

ભાવ અ-વિશુદ્ધ સુ-વિશુદ્ધ જે, કહ્યા જિનવરદેવરે ।
તે તિમ અ-વિતથ સદ્દહે, પ્રથમ એ શાંતિ-પદ-સેવરે—શાંતિ૦॥૩॥
આગમ-ધર[૫] ગુરૂ સમકિતી, કિરિયા[૬] સંવર સાર રે ।
સંપ્રદાયી[૭] અ-વંચક સદા, શુચિ અનુભવાऽऽધારરે—શાંતિ૦॥૪॥
શુદ્ધ[૮] આલંબન આદરે, તજી અવર જંજાળ રે ।
તામસી-વૃત્તિ સવિ પરિહરી, ભજે સાત્ત્વિક[૯] સાલરે —શાંતિ૦॥૫॥
ફળ[૧૦]-વિસંવાદ[૧૧] જેહમાં નહી, શબ્દ તે અર્થ[૧૨] સંબંધિરે ।
સકળ-નય-વાદ વ્યાપી રહ્યા, તે શિવ[૧૩]-સાધન-સંધિરે—શાંતિ૦॥૬॥
વિધિ-પ્રતિષેધ[૧૪] કરી આતમા, પદારથ અ-વિરોધરે [૧૫] ।
ગ્રહણ વિધિ મહા-જને[૧૬] પરિગ્રહ્યો, ઇસ્યો આગમે બોધરે—શાંતિ૦॥૭॥
દુષ્ટ-જન-સંગતિ પરિહરી, ભજે સુગુરૂ[૧૭]-સંતાનરે ।
જોગ[૧૮]-સામર્થ્ય ચિત્ત-ભાવ જે, ધરે મુગતિ-નિદાનરે—શાંતિ૦॥૮॥
માન અપમાન ચિત્ત સમ ગણે, સમ ગણે કનક-પાષાણરે ।
વંદક-નિંદક સમ ગણે, ઇસ્યો હોય તું જાણ રે—શાંતિ૦॥૯॥
સર્વ-જગ-જંતુને સમ ગણે, સમ ગણે તૃણ-મણિ ભાવરે ।
મુગતિ-સંસાર બિહુ સમ ગણે, મુણે "ભવ-જલનિધિ-નાવરે"—શાંતિ૦॥૧૦॥
આપણો આતમ-ભાવ જે, એક ચેતના-ધાર રે ।
અવર સવિ સાથ [૧૯]-સંયોગથી, એહ નિજ-પરિકર સારરે—શાંતિ૦॥૧૧॥
પ્રભુ-મુખથી ઈમ સાંભળી, કહે આતમ-રામરે ।
"તાહરે દરિશણે નિસ્તર્યો, મુજ સિધ્યાં સવિ કામરે—શાંતિ૦॥૧૨॥
અહો ! અહો ! હું મુજને કહું, "નમો મુજ નમો મુજ રે ।
અ મિત-ફળ દાન દાતારની, જેહને ભેટ થઈ તુજજરે" —શાંતિ૦॥૧૩॥

શાંતિ-સ્વરૂપ સંક્ષેપથી, કહ્યા નિજ-પર રૂપ રે ।
આગમમાંહિ વિસ્તર ઘણો, કહ્યા શાંતિ જિન-ભૂપ રે —શાંતિ૦॥૧૪॥
શાંતિ-સ્વરૂપ ઈમ ભાવશ્યે, ધરી શુદ્ધ પ્રણિધાન રે ।
**આનંદ-ઘન પદ પામશ્યે, તે લહેશ્યે બહુ માન રે —શાંતિ૦॥૧૫॥**

---

૧ હાર્દિક પ્રતીતિ શી રીતે થાય ? ૨ બીજી ગાથાથી ૧૧મી ગાથા સુધી જાણે પ્રભુજી જવાબ આપે છે, ૩ પ્રશ્ન ઉપજેલ છે ૪ શાંતિનું સ્વરૂપ, ૫ આ ગાથામાં યોગાવંચકનું સ્વરૂપ છે, ૬ ક્રિયા દ્વારા સંવર સાધનારા, ૭ જીત પરંપરાને નભાવનાર, ૮ આ ગાથામાં ક્રિયા-અવંચક યોગની વાત છે ૯ સાત્ત્વિક વૃત્તિરૂપ કિલ્લો, ૧૦ આ ગાથામાં ફળાવંચક યોગનું સ્વરૂપ છે. ૧૧ અચોક્કસાઈ ૧૨. અર્થ સાથે સંબંધવાળો, ૧૩ મોક્ષના સાધનોની સાંકળરૂપ, ૧૪ કરવાલાયકનું વિધાન ન કરવા લાયકનો નિષેધ, ૧૫ પરસ્પર વિરોધ ન આવે તે રીતે, ૧૬ શિષ્ટ પુરૂષો-ગીતાર્થોને માન્ય ૧૭ પરંપરાગત ચાલ્યા આવતા ગુરુઓ, સ્વચ્છંદ ગુરુઓ નહીં ૧૮ સામર્થ્ય યોગ, ૧૯ કર્મના સંયોગથી.

## કર્તા : શ્રી ઉપા. યશોવિજયજી મ.

### (ઘોડલિયો મૂકયો સરોવરિયાની પાળ - એ દેશી)

ધન દિન વેલા ! ધન ઘડી તેહ ! અચિરારો નંદન જિન જદી[1] ભેટશુંજી
લહેશું રે સુખ દેખી મુખ[2]-ચંદ, [3]વિરહ-વ્યથાના દુખ મેટશુંજી
—ધન૦(૧)

જાણ્યો રે જેણે તુજ ગુણ-લેશ, બીજો રે રસ તેહને મન નવિ ગમેંજી
ચાખ્યો રે જેણે અમી લવ-લેશ, બાક્સ[4]-બુક્સ તસ ન રૂચે કિમેજી
-ધન૦(૨)

તુજ[5] સમક્તિ-રસ-સ્વાદનો જાણ, પાપ કુમતને (જે) બહુ-દિન સેવીઓજી
સેવે જા કરમને યોગે તોહિ, વાંછે તે સમક્તિ-અમૃત ધુરે લિખ્યું જી
—ધન૦(૩)

તાહરું ધ્યાન તે સમક્તિરૂપ, તેહજ જ્ઞાનને ચારિત્ર તેહ છે જી
તેહથીરે જાએ સઘળાં પાપ, ધ્યાતારે ધ્યેય-સ્વરૂપ હોયેં પછેજી
-ધન૦(૪)

દેખીરે અદ્‌ભુત તાહરું રૂપ. અચરિજ ભવિક અ-રૂપી-પદ વરેજી
તાહરી ગત તું જાણે દેવ, સમરણ-ભજન તે વાચક જશ કરેજી
—ધન૦(૫)

૧. જ્યારે ૨. મુખરૂપી ચંદ્ર, ૩ વિયોગની પીડાના, ૪. રસ હીન-કોરા ફોતરા, ૫. તારા સમકિતના રસનો સ્વાદ જેણે ચાખ્યો તે કદાચ કર્મવશ થઈ ઘણા કાળથી સેવેલ પાપની આચરણા કરે તો પણ સમકિત-અમૃતની જ ઇચ્છા મુખ્યપણે હોય.

## કર્તા : ઉપા. શ્રી યશોવિજયજી મ.

### (સુણી પસુઆં વાણીરે-એ ઢાલ)

જગ જન મન રંજેરે, મનમથ[૧] બળ ભંજે રે,
નવિ રાગ ન દોસ, તૂં અંજૈ[૨] ચિત્તશ્યૂં રે.....(૧)
શિર છત્ર વિરાજે રે, દેવદુદુંભિ વાજે રે,
ઠકુરાઈ ઈમ છાજે, તોહિ અકિંચનો[૩] રે.....(૨)
થિરતા[૪] ધૃતિ[૫] સારી રે; વરી સમતા નારી રે,
બ્રહ્મચારી શિરોમણિ, તો પણ તું સુણ્યો રે.....(૩)
ન ધરે ભવ-[૬]રંગોરે, નવિ દોષ-[૭]સંગોરે,
મૃગ-લંછન ચંગો, તો પણ તૂં સહી રે.....(૪)
તુજ ગુણ કુણ આખે[૮] રે, જગ કેવળી-પાખે[૯] રે,
સેવક **જશ** ભાખે, અચિરા-સુત જયો રે.....(૫)

૧. કામદેવ ૨. આંજી નાંખે છે ૩. નિષ્પરિગ્રહી ત્યાગી ૪. સ્વભાવની દૃઢતા ૫ પરિષહ-ઉપસર્ગ આદિમાં મક્કમતા ૬. સંસારનો રંગ ૭. દોષનો સંભવ ૮. કહી શકે ૯. વિના.

## કર્તા : ઉપા. શ્રી યશોવિજયજી મ.

### (ત્રિભુવન તારણ તીરથ-એ દેશી)

ગજપુર[1] નયર વિભૂષણ દૂષણ ટાળતો રે કે-દૂષણ૦
વિશ્વસેન-નરનાહનો[2] કુળ અજુઆળતો રે કે-કુળ૦
અચિરા-નંદન વંદન કીજે નેહશ્યું[3] રે કે-કીજે૦
શાંતિનાથ મુખ પુનિમ-શશિ પરિ ઉલ્લશ્યું રે કે-શશિ૦(૧)
કંચન-વરણી કાયા માયા પરિહરે રે કે-માયા૦
લાખ વરષનું આઉખું મૃગ[4] લંછન ધરે રે કે-મૃગ૦
એક સહસશ્યું વ્રત ગ્રહે, પાતિક-વન[5] દહેરે રે કે-પાતિક૦
સમેતશિખર શુભ-ધ્યાનથી શિવ-પદવી લહેરે કે-શિવ૦(૨)
ચ્યાલીશ ધનુ તનુ રાજે ભાંજે ભય ઘણા રે કે-ભાંજે,
બાસઠ સહસ મુનીસર વિલસેં પ્રભુ તણારે કે-વિલસે૦,
એકસઠ સહસ છસેં વળી અધિકી સાહુણી રે કે-અધિકી૦
પ્રભુ-પરિવારની સંખ્યા એ સાચી મુણી રે કે એ૦(૩)
ગરૂડ યક્ષ નિરવાણી પ્રભુ સેવા કરે રે કે-પ્રભુ૦
તે જન બહુ-સુખ પામશે જે પ્રભુ ચિત્ત ધરે રે કે-જે૦
મદ-ઝરતા ગજ ગાજે તસ ઘરિ આંગણે રે કે-તસ૦
તસ જગ હિમકર-સમ[6] જશ[7] કવિઅણ ભણે રે કે-જશ૦(૪)
દેવ ગુણાકર[8] ! ચાકર હું છું તાહરો રે કે-હું૦,
નેહ-નજર-કરી મુજરો માનો માહરો રે કે-મુજરો૦
તિહુઅણ[9]-ભાસન શાસન ચિત કરૂણા-કરો રે કે-ચિત્ત૦,
કવિ **જશવિજય** પયંપે[10] મુજ ભવ-દુઃખ હરો રે કે-મુજ૦(૫)

---

૧. હસ્તિનાપુર ૨. રાજાનો ૩. પ્રેમભર્યું ૪. હરણ ૫. પાપનું વન ૬. ચંદ્રના જેવો ૭. કીર્તિ ૮. ગુણોના ખજાના રૂપ ૯. ત્રણ ભુવનના પ્રકાશક ૧૦. કહે

## કર્તા : શ્રી ભાણવિજયજી મ.

(દીઠી હો પ્રભુ દીઠી જગગુરૂ તુજ-એ દેશી)

સાહિબ હો પ્રભુ ! તુમ્હે સાહિબ શાંતિજિણંદ,
સાંભળો હો પ્રભુ ! સાંભળો વિનતિ માહરીજી;
મનડું હો પ્રભુ ! મનડું રહ્યું લપટાય[1],
સૂરતિ[2] હો પ્રભુ ! સૂરતિ દેખી તાહરીજી .....(૧)
આશા હો પ્રભુ ! આશા મેરૂ સમાન,
મનમાં હો પ્રભુ ! મનમાં હું તી મુજ અતિ ઘણીજી;
પૂરણ હો પ્રભુ ! પૂરણ થઈ અમ આશ,
મૂરતિ હો પ્રભુ ! મૂરતિ દીઠે તુમ તણીજી .....(૨)
સેવક હો પ્રભુ ! સેવક જાણી, સ્વામિ !
મુજશું હો પ્રભુ ! મુજ શું[3] અંતર નવી રાખીએજી;
વિલગાહો[4] પ્રભુ ! વિલગા ચરણે જેહ,
તેહને હો પ્રભુ ! તેહને છેહ[5] ન દાખીએજી .....(૩)
ઉત્તમ હો પ્રભુ ! ઉત્તમ જનશું પ્રીત,
કરવી હો પ્રભુ ! કરવી નિશ્ચે તે ખરીજી;
મૂરખ હો પ્રભુ ! મૂરખ શું જશવાદ,
જાણી હો પ્રભુ ! ઈમ જાણી તુમશું મેં કરીજી .....(૪)
નિરવહવી હો પ્રભુ ! નિરવહવી તુમ હાથ,
મોટાને હો પ્રભુ ! મોટાને ભાખીએ શું ઘણુંજી;
પંડિત હો પ્રભુ ! **પંડિત પ્રેમનો** ભાણ,
ચાહો હો નિતુ ! ચાહે દરિશણ તુમ તણુંજી .....(૫)

---

૧. ખેંચાયેલું ૨. ચહેરો ૩. ભેદભાવ ૪. વળગ્યા ૫. ધક્કો.

## કર્તા : શ્રી આણંદવર્ધનજી મ.

(રાગબિહાગડો-નાચેં ઇંદ્ર આણંદશું-એ દેશી)

ભગત-વત્સલ પ્રભુ ! સાંભળો, ઓલંભે[1] અરદાસ રે
છોડંતા કિમ છૂટશો, કરશો[2] પાસે દિલાસરે-ભગત૦(૧)
તુમ્હ-સરિખા સાહિબા તણી, જો સેવા નિષ્ફળ થાય રે
લાજ કહો પ્રભુ ! કેહને ? સેવકનું શું જાય રે ? -ભગત૦(૨)
ગુણ દેખાડીને હેળવ્યા[3], તે કિમ કેડો[4] છાંડેરે ?
જિહાં જલધર[5] તિહાં બપીઓ,[6] પીઉ-પીઉ કરી મુખ માંડેરે-ભગત૦(૩)
જો પોતાનો લેખવો,[7] તો લેખો[8] ન વિચારો રે;
'સો-વાતે એક વાતડી,' ભવ-ભવ પીડ નિવારોરે-ભગત૦(૪)
તુમ્હ-સરિખો કોઉ દાખવો, કીજે તેહની સેવરે
આણંદવર્ધન પ્રભુ શાંતિજી, અચિરા-નંદન દેવરે-ભગત૦(૫)

---

૧ ગર્ભિત ઠપકા રૂપે વિનંતિ, ૨ સાચું સાન્ત્વન કરશો, ૩ સંપર્ક-પરિચય વધુ ગાઢ કર્યો. ૪ પીઠ, ૫ મેઘ, ૬ ચાતક, ૭ માનો, ૮ હિસાબ.

## કર્તા : શ્રી લક્ષ્મીવિમલજી મ.

(ઈડર આંબા આંબલી રે-એ દેશી.)

શાંતિનાથ સોહામણો રે, સોળમો એ જિનરાય
શાંતિ કરો ભવ-ચક્રનીરે[1], ચક્રધર[2] કહેવાય
મુનીસર ! તું જગજીવન ! સાર-મુની૦(૧)
ભવોદધિ[3] મથતાં મેં લહ્યો રે, અમૂલખ-રત્ન[4] ઉદ્ધાર
લક્ષ્મી પામી સાયર[5] મથી રે, જિમ હર્ષે મુરાર[6]-મુની૦(૨)
રજની[7] અટતાં[8] થકાં રે, પૂર્ણ-માસે પૂર્ણચંદ્ર
તિમ મેં સાહિબ પામીઓ રે, ભવમાં નયણાનંદ-મુની૦(૩)
ભોજન કરતાં [9] અનુદિને રે, બહુ લહે ઘૃતપૂર[10]
તિમ મુજને તુંહી મિળ્યો રે, આતમરૂપ સનૂર-મુની૦(૪)
દરિદ્રતા રીસે જળી રે, નાશી ગઈ પાતાળ,
શેષનાગ કાળો થઈ રે, ભૂ-ભાર[11] ઉપાડે બાળ-મુની૦(૫)
યોગીસર જોતાં થકાં રે, સમરે યોગ સુજાણ,
અ-જોગિતા વાંછીયે રે, યોગ્યાલોક નિદાન-મુની૦(૬)
અચિરા-નંદન ! તું જયોરે, જય જય તું જગનાથ !
**કીર્તિલક્ષ્મી** મુજ ઘણી રે, જો તું ચઢીઓ હાથ !-મુની૦(૭)

---

૧. સંસારની ૨. ચક્રવર્તી ૩. સંસારરૂપ સમુદ્ર ૪. અમૂલ્ય ૫. સમુદ્ર ૬. મુરારિ-કૃષ્ણ ૭. રાત્રિ ૮. ભમતાં ૯. રોજ ૧૦. ઘેવર ૧૧. પૃથ્વીનો ભાર

## કર્તા : ઉપા. શ્રી માનવિજયજી મ.

**(ઘેરે આવોજી આંબો મોરીઓ-એ દેશી)**

શ્રી શાંતિ જિનેસર ! સાહિબા; તુજ નાઠે કિમ છૂટાશ્યે ?
મેં લીધી કેડજ[1] તાહરી, તેહ પ્રસન્ન થયેં મૂકાશ્યે-શ્રી૦
તું વીતરાગપણું દાખવી, ભોળા-જનને ભૂલાવે;
જાણીને કીધી પ્રતિગન્યા[2], તેહથી કહો કુણ ડોલાવે ?-શ્રી૦
કોઈ કોઈને કેડે[3] મત પડો ! કેડ પડયાં આણે વાજ[4]
નિરાગી પ્રભુ પણ ખિંચીઓ ભગતે કરી મેં સાત રાજ-શ્રી૦
મનમાંહી આણી વાસીઓ[5], હવે કિમ નિસરવા દેવાય ?
જો ભેદ-રહિત મુજશું મિળે, તો પલકમાંહિ છુટાય-શ્રી૦
કબજે આવ્યા કિમ છુટશો ? દીધા વિણ કહણ કૃપાળ;
તો શ્યું હઠવાદ લેઈ રહ્યા ? કહે **માન** કરો ખુસિયાળ-શ્રી૦

---

૧ પીછો ૨ પ્રતિજ્ઞા ૩. પાછળ ૪. અનુકૂળતા ૫. રાખીઓ.

## કર્તા : પૂ. આ. શ્રી જ્ઞાનવિમલસૂરિ મ.

### (વીંછીયાની દેશી)

સુણો શાંતિ-જિનેસર ! સાહિબા ! સુખકાર ! કરુણાસિંધુ રે !
પ્રભુ ! તુમ-સમ કો દાતા નહિ, નિષ્કારણ[1]-ત્રિભુવન-બંધુ રે-સુણો૦(૧)
જસ નામે અખય-સંપદ હોએ, વળી આધિ તણી હોયે શાંતિ રે,
દુઃખ-દુરિત ઉપદ્રવ સવિ મિટે, ભાંજે મિથ્યા-મતિ[2]-ભ્રાંતિ રે-સુણો૦(૨)
તું રાગ-રહિત પણ રીઝવે, સવિ સજ્જન કેરાં ચિત્ત રે
નિર્દ્રવ્ય અને પરમેશ્વરૂ, વિણ નેહે તું જગ-મિત્ત રે-સુણો૦(૩)
તું ચક્રી પણ ભવ-ચક્રનો, સંબંધ ન કોઈ કીધ રે
તું તો ભોગી યોગી દાખિઓ, સહજે સમતા-રસ સિદ્ધ રે-સુણો૦(૪)
વિણ-તેડ્યો નિત્ય સહાય છે, તુજ લોકોત્તર-આચાર રે
કહે **જ્ઞાનવિમલ** ગુણ તાહરા, લહિયેં ગણવે કિમ પાર રે-સુણો૦(૫)

---

૧. વિના કારણે ત્રણે ભુવનના બંધુ ૨. મિથ્યા બુદ્ધિની ભ્રમણા.

## કર્તા : પૂ. શ્રી ભાવવિજયજી મ.

(રાગ સામેરી-વીરા તેરી ગતિ યું નઈ એ-દેશી.)

શાંતિપ્રભુ ! સોહે પરમ-દયાલા

સોલસમો જિન પંચમ ચક્રી, ગુણ ગાવે સુર[1]-બાલા-શાંતિ૦(૧)

વંશ[2]-ઈક્ષાગ-સદન-વર દીપક, તેજ તપે અસરાલા[3]

દેહતણે વાને કરી જીપે, જાચી[4] ચંપકમાલા-શાંતિ૦(૨)

વિશ્વસેન-નરવર-કુલ મંડણ, ખંડે મોહ જંજાલા

અચિરાનો નંદન ચિર પ્રતપો, સ-ચરાચર-પ્રતિપાલ-શાંતિ૦(૩)

ચ્યાલીસ ધનુષ માન તનુરાજે, હથિણાઉર ભૂપાલા

જીવિત લાખ વરસ જસ સુંદર, મૃગ-લંછન સુકુમાલા-શાંતિ૦(૪)

ગરૂડ યક્ષ નિરવાણિ દેવી, સેવિત ચરણ-મયાલા[5]

ભાવમુનિ જિનને સેવંતો, પામે લચ્છી વિશાલા-શાંતિ૦(૫)

---

૧. અપ્સરા ૨. ઇશ્વાકુવંશ રૂપ ઘરના શ્રેષ્ઠ દીપક ૩. અદ્વિતીય ૪. સુંદર ૫. મયાળા = સુંદર

## કર્તા : પૂ. શ્રી વિનયવિજયજી મ.

(ઋષભનો વંશ રયણાયરો-એ દેશી)

**શાંતિજિનેસર** સોળમો, પાંચમો ચક્રવર્તિ જાણો રે
ચોસઠ સહસ વધૂ[1]ધણી, પ્રણમો ખટ ખંડ રાણો રે-શાંતિ૦(૧)
ઘોર વિઘન ઘન[2] સંહરે, જિમ પરચંડ[3] સમીર[4] રે;
દુઃખદાવાનળ ઓલ્હવેં, જિમ નવ[5] જલધર[6] નીર રે-શાંતિ૦(૨)
**કીર્તિવિજય** ઉવઝાયનો, **વિનય** વદે ઇમ વાણી રે
**શાંતિજિનેસર** સેવના, અવિહડ-પુણ્યની ખાણી રે-શાંતિ૦(૩)

૧. રાણી ૨. મેઘ ૩. પ્રબળ ૪. પવન ૫. નવા ૬. મેઘ

## કર્તા : શ્રી હરખચંદજી મ.

(રાગ-સારંગ)

ચિત્ત ચાહત સેવા ચરનનકી-ચિત્ત૦
**વિશ્વસેન અચિરાજી**કે નંદા, **શાંતિનાથ** સુખકરનનકી -ચિત્ત૦(૧)
જનમ નગર **હથિનાપુર** જાકો, લંછન રેખા હિરનનકી
તીસ અધિક દશ ધનુષ પ્રમાને, કાયા કંચનબરનનકી -ચિત્ત૦(૨)
કુરૂવંશકુલ લાખ વરસ થિતિ, શોભા સંજમ ધરનનકી
કેવલજ્ઞાન અનંત-ગુણાકાર, કીરત તારન-તરનનકી -ચિત્ત૦(૩)
તુમ બિન દેવ અવર નહીં ધ્યાઉં,મેં અપને મન પરનનકી
**હરખચંદ** દાયક પ્રભુ શિવસુખ-ભીતિ મિટાવો મરનનકી -ચિત્ત૦(૪)

## કર્તા : શ્રી નયવિજયજી મ.

### (ઢાળ દેશી વિંછીયાની.)

સખિ ! સેવો **શાંતિજિણંદને**, મન આણી અતિ ઉછાહરે
એ પ્રભુની જે સેવના, તે માનવ-ભવનો લાહરે -સખિ૦
સેવા જે એ જિનતણી, તે સાચી સુરતરૂ સેવ રે
એ જગમાંહિં જોવતાં, અવર ન એહવો દેવ રે -સખિ૦
ભગતિભાવ આણી ઘણો, જે સેવે એ નિશદીસ રે
સફળ સકળ મનકામના, તે પામે વિસવાવિસરે -સખિ૦
ખિણ ઇક સેવા પ્રભુ તણી, તે પૂરે કામિત[1] કામ રે
માનું ત્રિભુવન[2]-સંપદા-કરૂ એ ઉત્તામ ધામ રે -સખિ૦
જનમ સફળ જગ તેહનો, જે પામ્યો પ્રભુની સેવ રે
પુણ્ય સકળ તસ પ્રગટીયાં, તસ તૂઠા ત્રિભુવન દેવ રે -સખિ૦
શિવ સુખ-દાયક સેવના, એ દેવના દેવની જેહ રે
પામીને આરાધશે, શિવસુખ લહશે તેહ રે-સખિ૦(૬)
ઈમ જાણી નિતુ સેવિયે, જિમ પોંહચે વંછિત કોડિ રે
**જ્ઞાન વિજય બુધરાયને** ઇમ **શિષ્ય** કહે કર જોડિ રે -સખિ૦

---

૧ ઇષ્ટ ધારણા ૨. ત્રણ જગતની સંપત્તિની ખાણ

## કર્તા : શ્રી ઋષભસાગરજી મ.

**કાંમિત**[1] પૂરણ ચૂરણ ચિંતા વિહરંતા અરિહંતા હો,
સાહિબ **શાંતિ** જિનેસર, કેવલજ્ઞાન દિનેસર, કાયા ચરચિત[2] કેસર
એક જ તું હી અલવેસર, પ્યારા પરમપ્રભુજી ! પરસન હોજ્યો,
એહવા સખત[3] નવી હોજૈ હો,
જનની **અચિરાના** જાયા, નર સુર નાગિંદા ગાયા
સારી ભાતિ સુહાયા, ભારી મુજ મન ભાયા, પરગટ દરશન પાયા-પ્રભુ૦(૧)
શ્રી **વિશ્વસેન** સુત થેં છો વિદીતા, પવન[4] વાહન-પય નીતા હો
સાહિબ૦ કેવલ૦ કાયા૦ એક જ૦ પ્યારા-પ્રભુજી૦
દિલ ભરિ દિલ કરિ દરસન દેતા, મહુલો માહરો લેતા હો
જનની૦ નર૦ સારી૦ ભારી૦ પરગટ૦-પ્રભુજી(૨)
ગુણ સંભારૂં પ્રભુજીના કેતા, તિણ વિધિ હુંતા તેતા હો,
સાહિબ૦ કેવલ૦ કાયા૦ એક જ૦ પ્યારા-પ્રભુજી૦
વિધિ કરિ આગૈ કિરિયા સહુ અવતાઈ, ઈણ વિધિ ઢોલી લાઈ હો,
જનની૦ નર૦ સારી૦ ભારી૦ પરગટ૦-પ્રભુજી૦(૩)
કરો અછો અબ ક્યું કઠિણાઈ, યા કુણશી ચતુરાઇ ? હો
સાહિબ૦ કેવલ૦ કાયા૦ એકજ૦ પ્યારા-પ્રભુજી૦
ભગત અ ભગત થાંહ રઈ એકણ ભાવૈ, યા મનમે અતિ આવૈ હો
જનની૦ નર૦ સારી૦ ભારી૦ પરગટ૦-પ્રભુજી૦(૪)
સેવકની અબ ખબરિ[5] મનાવૈ[6], દીનાનાથ કહાવૈ હો,
સાહિબ૦ કેવલ૦ કાયા૦ એક જ૦પ્યારા-પરગટ૦-પ્રભુજી૦
પરગટ હોતા આગૈ અણ ગુણ ગાતાં, રીઝંતા લખવાતાં હો
જનની૦ નર૦ સારી૦ ભારી૦ પરગટ૦-પ્રભુજી૦(૫)

હાથિ પ્રભુજી નૈ વાત વણાતાં, અવર વાતાંરી વાતાં હો
સાહિબ૦ કેવલ૦ કાયા૦ એકજ૦ પ્યારા૦ પરગટ ૦
ભગત નવાની કાંઈ ભાવરી[૮] ભાઈ[૯], કૈ કલિયુગ વાય[૧૦] લગાઈ હો.
જનની૦ નર૦ સારી૦ ભારી૦ પરગટ૦-પ્રભુજી૦(૬)
પ્રભુ પરકાસો ચૂક[૧૧] જ કાંઈ, કહો કયસી આસાનતા પાઈ ?
સાહિબ૦ કેવલ૦ કાયા૦ એકજ૦ પ્યારા૦
સોવત જાગત તોરો ધ્યાંન જ ધ્યાવું, ગાયો તુજ હું ગાવું હો
જનની૦ નર૦ સારી૦ ભારી૦ પરગટ૦-પ્રભુજી૦(૭)
અબકી બેર પ્રભુ મોજ ન પાઉં, કહો કુણ જાંચણ જાવું હો
સાહિબ૦ કેવલ૦ કાયા૦ એકજ૦ પ્યારા૦ પ્રભુજી૦
કુડ [૧૨] કપટ ધુતારા તારો, અમને ક્યાંય વિસારો હો
જનની૦ નર૦ સારી૦ ભારી૦ પરગટ૦-પ્રભુજી૦(૮)
તારક બિરુદ મનમૈ સંભારો. તાર્યા છઈ ફિરિ તારો હો
સાહિબ૦ કેવલ૦ કાયા૦ એકજ૦ પ્યારા૦ પ્રભુજી૦
ઋદ્ધિસાગર સુશીશ સુખદાઈ, વિરચૈ નહી વરદાઈ હો
જનની૦ નર૦ સારી૦ ભારી૦ પરગટ૦-પ્રભુજી૦
ઋષભસાગર કહૈ સહુ સુખ પાવું ચરણે લાગી મનાવું હો
સાહિબ૦ કેવળ૦ કાયા૦ એકજ૦ પ્યારા૦ પ્રભુજી૦(૯)

---

૧. ઇચ્છાને પૂરનાર ૨. પૂજાએલ ૩. કઠોર ૪. મેઘના પાણીની જેમ નીતિવાળા, ૫. સારસંભાળ ૬. કરે ૭. પ્રથમ તમે વગર ગુણ ગાયે પ્રકટ થતા અને લાખ વાતે રીઝતા (પાંચમી ગાથાના પૂર્વાદ્ધનો અર્થ) ૮. રીત ૯. દેખાણી ૧૦, વાયરો લાગ્યો કે ૧૧. શી ભૂલ થઈ છે ? ૧૨. કૂડકપટવાળા ધૂર્તોને તમે તાર્યા તો અમને કેમ વિસાર્યા ? (આઠમી ગાથાના પૂર્વાર્ધનો અર્થ)

## કર્તા : શ્રી ઉદયરત્નજી મ.

પોસહમાં પારેવડો રાખ્યો, શરણ લેઈ રે
તન સાટે જીવાડયો અભય-દાન દેઈ રે-પોસહ૦(૧)
અનાથ જીવનો નાથ કહાવે, ગુણનો ગેહી રે
તો મુજને પ્રભુ ! તારતાં કહો, એ વાત કેહિ રે ? પોસહ૦(૨)
ગરીબ-નિવાજ ! તું ગિરૂઓ સાહિબ, શાંતિ સનેહી રે
ઉદયરત્ન પ્રભુ ! તુજશું બાંધી, પ્રીત અ-છેહી રે-પોસહ૦(૩)

## કર્તા : શ્રી જિન વિજયજી મ.

### (વીરમાતા પ્રિતી કારિણી-એ દેશી)

શાંતિ-જિન ચરણકજ-સેવના, પાવના પરમ-ગુણ ધામ રે
પાપના તાપ શમાવવા, બાવનાચંદન-ઠામ રે-શાંતિ૦(૧)
णिसिही-તિગ તિન્નિ प्रदक्षिणा, पूया-તિગ ત્રિવિધ प्रणाम રે
તિન્નિ मुद्रा अवस्था -તિગ, ભાવ વિશદ પરિણામ રે-શાંતિ૦(૨)
ભૂમિका વારત્રય પુંજવી, તિન્નિ अवलंबना તાન રે
દક્ષિણ-વામ-પચ્છિમ દિશે, જોવું નહિ ત્રિવિધ નિધાન રે-શાંતિ૦(૩)
પાંચ अहिगम प्रणिधान -તિગ, अवग्रह તિન્નિ-દિશિ હોય રે
वंदना -તિગ દશ आशातना, છંડી નિજ કર્મ્મમલ ધોય રે-શાંતિ૦(૪)
તામસી રાજસી પરિહરી, સાત્વિકી ભક્તિ સુખ-હેતુ રે
શુદ્ધિ-સગ ખટ ગુણે શોભતી, રોપતી સમકિત-કેતુ રે-શાંતિ૦(૫)
પીઠિકા ધર્મ્મ-પ્રસાદની, પાંચ અડ સત્તર એકવીશ રે
એકસોઆઠ ઇત્યાદિકા, કહ્યા ભેદ યોગીશરે-શાંતિ૦(૬)
ભાવથી સેવા સાધુનેં, જ્ઞાન-દંસણ-ચરણ રૂપ રે
અમૃત-અનુષ્ઠાનશ્યું આદરે, હોય જિન-પદ-ભૂપરે-શાંતિ૦(૭)

## કર્તા : શ્રી જિનવિજયજી મ.

(તાહરી આંખડીયે ઘર ઘાલ્યું ગહજો ગિરધારી-એ દેશી.)

તું પારંગત ! તું પરમેસર ! વાલા મારા ! તું પરમારથ-વેદી
તું પરમાતમ ! તું પુરૂષોત્તમ ! તુંહી અ[1]-છેદી અ[2]-વેદી રે મનના મોહનીયા;
તાહરી કીકી કામણગારી રે જગના સોહનીયા-મન૦(૧)

યોગી-અયોગી ભોગી-અભોગી, વાલા૦ તું હી જ કામી-અકામી
તું હી અ-નાથ નાથ ! સહુ જગનો, આતમસંપદ રામી રે-મન૦(૨)

એક અસંખ્ય અનંત અનૂચર[3], વાલા૦ અ-કળ-સકળ અ-વિનાશી
અ-રસ અ-વર્ણ અ-ગંધ અ-ફાસી, તુંહીં અ[4]-પાશી અ-નાશી રે -મન૦(૩)

મુખ-પંકજ ભમરી પરે અમરી, વાલા૦ તું હી સદા બ્રહ્મચારી
સમોસરણ-લીલા અધિકારી, તુંહી જ સંયમ-ધારી રે-મન૦(૪)

**અચિરા-નંદન અચરિજ એહી, વાલા૦ કહણીમાંહિ ન આવે**
**ક્ષમાવિજય જિન વયણ સુધારસ, પીવે તેહિજ પાવે રે-મન૦(૫)**

---

૧. અખંડ = સંપૂર્ણ ૨. વેદના ઉદય વિનાના ૩. ન કહી શકાય તેવા ૪. પાશ = ફંદા રહિત

## કર્તા : શ્રી હંસરત્નજી મ.

### (ગેડુમાની દેશી)

શ્રીશાંતિ-જિણેસર સોળમોરે, હાંજી ! સાહેબ શરણાગત આધાર-તે રૂડો.
ગુણનો આવાસ-તે રૂડો ! ઉપગારી ખાસ -તે૦ગુણ૦ ભવભય તાપ નિવારવારે,
હોજી ! જગમાં જંગમ જે જલધાર-તે૦ગુણ૦(૧)

**મેઘરથ** રાજાને ભવે રે, હાંજી ! દૃઢ સમકિત દેખી સુરરાજ[૧] -તે૦ગુણ૦
કરે પ્રશંસા જેહની રે, હાંજી ! સુરસાખી પ્રણમી શુભસાજ-તે૦ગુણ૦(૨)

ઈંદ્ર-વચન અણમાનતો રે, હાંજી ! એક અમર આવ્યો તેણે ઠામ-તે૦ગુણ૦
શ્યેન[૩] પારાપતિને[૪] છળે રે, હાંજી ! પારખવા નૃપનો પરિણામ-તે૦ગુણ૦(૩)

પોસામાં પારેવડો રે, હાંજી ! તન સાટે રાખે તે તામ -તે૦ગુણ૦
તીર્થંકર-ચક્રીતણી રે,હાંજી! પદવી હોય બોધી અભિરામ-તે૦ગુણ૦(૪)

પ્રગટ થઈ તે દેવતા રે, હાંજી ! પાય પ્રણમી પોહોતો નિજ ઠામ-તે૦ગુણ૦
તિહાંથી પ્રભુજી ત્રીજે ભવે રે, **અચિરા** ઉરે લીધો અવતાર -તે ૦ગુણ૦(૫)

પાલીને ચક્રીપણું રે, હાંજી ! ખટખંડ પૃથ્વીરાજ્ય પંડૂર-તે ૦ગુણ૦
દાન દેઈ દીક્ષા ગ્રહીરે, હાંજી ! પામ્યા કેવળનાણ સનૂર-તે ૦ગુણ૦(૬)

કીધી સંઘની થાપના રે, હાંજી **શાંતિસર** સાહેબ સુખદાય-તે ૦ગુણ૦
પંચમગતિ પામ્યા પ્રભુ રે, હાંજી ! **હંસરતન** હરખીગુણ ગાય-તે ૦ગુણ૦(૭)

---

૧. ઇંદ્ર ૨. દેવોની સમક્ષ ૩. સીંચાણો ૪. કબૂતર

## કર્તા : શ્રી મોહનવિજયજી મ.

### (ઈણે સરવરીઆરી પાળ-એ દેશી)

સોળમા શ્રી જિનરાજ ઓળગ[1] સુણો અમ-તણી-લલના૦
ભગતથી એવડી કેમ કરો છો ? ભોળામણી-લલના૦
ચરણે વળગ્યો જેહ આવીને થઈ ખરો-લલના૦
નિપટ[2] જ તેહથી કોણ રાખે ? રસ આંતરો-લલના૦(૧)
મેં તુજ કારણ સ્વામી! ઉવેખ્યા સુર ઘણા-લલના૦
માહરી દિશાથી મેં તો ન રાખી કાંઈ મણા[3]-લલના૦
તો તુમે તુજથી કેમ અપુઠા[4] થઈ રહો-લલના૦
ચૂક[5] હોવે જો કોય સુખે મુખથી કહો-લલના૦(૨)
તુજથી અવર ન કોય અધિક જગતી તળે-લલના૦
જેહથી ચિત્તાની વૃત્તિ એકાંગી જઈ મળે-લલના૦
દીજે દરશન વાર ઘણી ન લગાવીએ-લલના૦
વાતલડી અતિ મીઠી તે કિમ વિરમાવીએ ? -લલના૦(૩)
તું જો જળ તો હું કમળ, કમળ તો હું વાસના[6]-લલના૦
વાસના તો હું ભમર ન ચૂકું આસના[7]-લલના૦
તું છોડે પણ હું કેમ છોડું ? તુજ ભણી-લલના૦
લોકોત્તર કોઈ પ્રીત આવી તુજથી બની-લલના૦(૪)

ધુરથી[૮] શ્યાને સમકિત દઈને ભોળવ્યો-લલના૦
ખોટે હવે કિમ જાઉં દિલાસે ઓળવ્યો-લલના૦
જાણી ખાસો દાસ, વિમાસો છો ? કિશું-લલના૦
અમે પણ ખિજમતમાંહિ ખોટા કિમ થાયશ્યું ? -લલના૦(૫)
બીજી ખોટી વાત અમે રાચું નહીં-લલના૦
મેં તુજ આગળ માહારા મનવાળી કહીં-લલના૦
પૂરણ રાખો પ્રેમ વિમાસો શું ? તમે-લલના૦
અવસર લહી એકાંત વિનવીએ છીએ અમે-લલના૦(૬)
અંતરજામી સ્વામી અચિરા-નંદના-લલના૦
શાંતિકરણ **શ્રીશાંતિજી** માનજ્યો વંદના-લલના૦
તુજ સ્તવનાથી તન-મન આણંદ ઉપન્યો-લલના૦
કહે **મોહન** મનરંગ પંડિત કવિ-**રૂપ**નો-લલના૦(૭)

---

૧. વિનતિ ૨. ખરેખર ૩. ખામી ૪. અબોલા ૫. ભૂલ ૬. સુગંધ ૭. ભક્તિ ૮. પહેલેથી

## કર્તા : શ્રી મોહનવિજયજી મ.

### (નંદ સૂલણા નંદના રે લોલ-એ દેશી)

શાંતિજિણંદ સોહામણા રે-જોજો, સોળમા જિનરાય-મોરા સાહિબા રે
ઠકુરાઈ ત્રિહું લોકની રે-જોજો, સેવે સુર નર પાય -મોરા૦ શાંતિ૦(૧)

મુખ શારદ કો ચંદલો રે-જોજો, હસત[૧] લલિત[૨] નિશદીશ-મોરા૦
આંખડી અમીઅ[૩] કચોલડી[૪] રે-જોજો,
પૂરવે સકળ જગીશ-મોરા૦શાંતિ૦(૨)

આંગી અનોપમ હેમની[૫] રે-જોજો, ઝગમગ વિવિધ જડાવ-મોરા૦
દેખી મૂરત સુંદરૂ રે-જોજો, ભજે અનિમિષતા[૬] ભાવ -મોરા૦શાંતિ૦(૩)

છત્રત્રય શિર શોભતા રે-જોજો, મહિમાનો અવતંસ-મોરા૦
અજુઆળ્યો તીરથ આપણાં રે-જોજો
**વિશ્વસેન**-નૃપનો વંશ -મોરા૦ શાંતિ૦(૪)

અકળ[૭]-કળા જિનજીતણી રે-જોજો, મનોહર રૂપ અમિત-મોરા૦
શીતલપૂરેં શોભતા રે-જોજો, ભગતવછલ ભગવંત-મોરા૦શાંતિ૦(૫)

કેવલનાણ-દિવાકરૂ રે-જોજો, સમક્તિ-ગુણભંડાર-મોરા૦
પારેવો તેં ઊગારીઓ રે-જોજો, એમ અનેક ઉપગાર-મોરા૦શાંતિ૦(૬)

હું બલિહારી તાહરી રે-જોજો, જિન તુમે દેવાધિદેવ-મોરા૦
**મોહન** કહે કવિ **રૂપ**નો રે-જોજો, ભવોભવ દેજો સેવ -મોરા૦શાંતિ૦(૭)

---

૧. હસમુખ ૨. સુંદર ૩. અમૃતની ૪. વાટકી ૫. સોનાની ૬. પલકારા વિનાની આંખો
૭. ન સમજાય તેવી કલા-ગીત

## કર્તા : શ્રી મોહનવિજયજી મ.

### (રાગ સારંગ)

**શાંતિ**જિણંદ મહારાજ-જગતગુરૂ ! **શાંતિ**જિણંદ મહારાજ
**અચિરા**નંદન ભવિમનરંજન, ગુણનિધિ ગરીબનિવાજ–જગત૦(૧)
ગર્ભ થકી જિણે ઈતિ[1] નિવારી, હરષિત સુર નર કોડી
જનમ થયે ચોસઠ ઇંદ્રાદિક, પદ પ્રણમે કર જોડી-જગત૦
મૃગલંછન ભવિક તુષ (દુ:ખ) ગંજન કંચનવાન શરીર
પંચમનાણી પંચમ ચક્રી, સોળસમો જિન ધીર-જગત૦
રત્નજડિત ભૂષણ અતિસુંદર, આંગી અંગી ઉદાર
અતિ ઉછરંગ ભગતિ નૌતન[2] ગતી, ઉપશમ રસ દાતાર-જગત૦(૪)
કરૂણાનિધિ ભગવાન કૃપાકર, અનુભવ ઉદિત[3] આવાસ[4]
રૂપ-વિબુધનો **મોહન** પભણે, દીજે જ્ઞાન-વિલાસ-જગત૦

૧. ઉપદ્રવ ૨. નવી = ઉત્તમ ૩. ઊગ્યો ૪. મનરૂપ આવાસમાં

## કર્તા : શ્રી રામવિજયજી મ.

### (અંબા બિરાજે છે એ દેશી)

સુંદર **શાંતિ** જિણંદની, છબી[1] રાજે છે,
પ્રભુ ગંગાજલ-ગંભીર, કીરતિ ગાજે છે૦.....(૧)
**ગજપુરનયર** સોહામણું, ઘણું દીપે છે
**વિશ્વસેન** નરિંદનો નંદ[2], કંદર્પ[3] જીપે છે૦.....(૨)
**અચિરામાતાયેં** ઉરે ધર્યો, મન રંજે છે
મૃગલંછન કંચનવાન, ભાવઠ ભંજે છે૦.....(૩)

પ્રભુ લાખ વરસ ચોથે ભાગે, વ્રત લીધું છે
પ્રભુ પામ્યા કેવલજ્ઞાન, કારજ સીધું છે૦.....(૪)
ધનુષ ચાલીશની દેહડી, તનુ સોહે છે
પ્રભુ દેશનાધ્વનિ વરસંત, ભવિ પડિબોહે છે૦.....(૫)
ભગતવછલ પ્રભુતા ભણી, જન તારે છે
બૂડતાં ભવજલ માંહિ, પાર ઉતારે છે૦.....(૬)
**શ્રીસુમતિવિજય** ગુરૂ નામથી, દુખ નાસે છે
કહે **રામવિજય** જિનધ્યાન, નવ નિધિ પાસે છે૦.....(૭)

---

૧. કાંતિ ૨. પુત્ર ૩. કામદેવ

## કર્તા : શ્રી કાંતિવિજયજી મ.

**(માહારાજ અજિત થાંશું રંગ છે જી રાજ એ-દેશી)**

મેરા **શાંતિજિણંદ** ! થાશ્યું રંગ છે જી રાજ !
પ્રભુ ચરણકમલ સેવામાં રંગ છે જી રાજ !
થારી ખિજમતીમાંહી ઉમંગ છે જી રાજ-મેરા૦
પ્રભુજી વિરાજે સહજ મહેલમેં,
કરી દૃઢ જ્ઞાન દુરંગ છે જી રાજ-મેરા૦.....(૧)
અ[૧]-લેખ અ[૨]-વેધ્યને કીધો પ્રસંગી,
તું પ્રભુ યદ્યપિ અનંગ છે જી રાજ-મેરા૦
ધ્યાનધારા તુજ જયોતિ દીપકની,
તિહાં પાતિક પંક્તિપતંગ[૩] છે જી રાજ-મેરા૦.....(૨)
અમ મન લોભી ભૃંગ સમાનો,
પ્રભુ ગુણ ફૂલ્યો કુણ છે જી રાજ-મેરા૦

ભગતવછલ તું કરૂણાસિંધુ,
ભક્તોની ભક્તિ સુગંગ છે જી રાજ-મેરા૦.....(૩)
જગતજનેતા શરણે રાખો,
જિમ રાખ્યો ચરણે કુરંગ છે જી રાજ-મેરા૦
**પ્રેમ** પ્રસન્ન પ્રભુ **કાંતિ** કહે મેં,
શીશ ધરયો એ ઉછંગ છે જી રાજ-મેરા૦.....(૪)

૧. ન લખી શકાય ૨. ન વીંધી શકાય ૩. પતંગિયાની જેવા

## કર્તા : શ્રી ન્યાયસાગરજી મ.

### (આજિમ ! કબ મિલે પરદેશી માતા હો-એ દેશી)

સાહિબ ! કબ મિલે સસનેહી પ્યારા હો-સા૦
કાયા કામિની જીઉસેં ન્યારા, ઐસા કરત વિચાર હો-સા૦(૧)
સુન સાંઈ ! જબ આન મિલાવેં, તવ હમ મોહનગારા હો-સા૦(૨)
મેં તો તુમારી ખિજમતગારી, જૂઠ નહિ જે લારા[1] હો-સા૦(૩)
શ્રમણ કહે સુત બૈન[2] હમારા, ટારો વિષય-વિકારા હો-સા૦(૪)
સંયમ પાળો નિજ તન ગાળો, લેઈ અનુભવ લારા હો-સા૦(૫)
થિઉકે સાચે હમ મન નાચે, ઘટમેં હોત ઉજારા હો-સા૦(૬)
કહી નાકીના સંયમ લીના, ન રહ્યા કરન ઉધારા હો-સા૦(૭)
વેદ ઉછેદી જાતી અભેદી, મેલે શાંતિ સુધારા હો-સા૦(૮)
**અચિરાનંદન** શીતલ ચંદન, **ન્યાયસાગર** સુખકારા હો-સા૦(૯)

૧. પાછળ છે ૨. વચન

## કર્તા : શ્રી ન્યાયસાગરજી મ.

(ત્રિભુવનતારણ તીરથ પાસ ચિંતામણી રે-એ દેશી રાગ-મલ્હાર)

**શાંતિજિનેશરદેવ દયાળ શિરોમણિ રે, કે દયાળશિરોમણિ,**
સોળમો જિનવર પંચમ ચક્રી જગધણી રે, કે ચક્રી જગધણી (૧)

પારેવાં શું પ્રીતિ કરી તિણી પેરે કરોરે-કે તિણી૦
જનમ જરા ભય મરણ સીંચાણાથી ઉદ્ધરો રે-કેસીં૦(૨)

તિણે કાંઇ દીધું હોયેં તે મુજને કહો રે; કે તે૦
જો શરણ કર્યાની લાજ તો મુજને નિરવહો રે-કે મુ૦(૩)
પારેવા પરિ હરણ કરે તુજ સેવના રે-કે કરે૦
**સિંહિકેય**[1] **સુત** ભીતિ નિવારણ કામના રે-કે નિ૦(૪)
તિણ કારણ હું સેવક સ્વામી તું માહરો રે-કે સ્વા૦
તેહથી હું છું અધિક સેવા પર તાહરો રે-કે સેવા૦(૫)
**અચિરા** માતા **વિશ્વસેન** પિતા છે તાહરો રે-કે સેન૦
**શાંતિ** નામ ગુણ રહશ્યે મુજને તારતાં રે-કે મુજ૦
**ન્યાયસાગર** કહે ઇષ્ટ પ્રભુ દિલ ધારતાં રે-કે દિલ૦(૬)

---
૧. ઈંદ્ર

## કર્તા : શ્રી પદ્મવિજયજી મ.

### (સુણ મેરી સજની રજની ન જાવે રે-એ દેશી)

**શાંતિ** જિનેસર સોળમો સ્વામી રે, એક ભવમાં દોય પદવી પાંમી રે
પૂણું પલ્યોપમ ઓછું જાણો રે, અંતર ત્રણ સાગર મન આણો રે- (૧)
ભાદ્રવા વદ સાતમ દિન ચવન્ન રે, જનમ તે જેઠ વદિ તેરસ દિન્ન રે
ચ્યાલીશ ધનુષ કાયા તજી માયા રે, જેઠ વદિ ચૌદસ વ્રત નિપાયા રે- (૨)
સુદિ નવમી પોસમાં લહે જ્ઞાન રે, અતિશય ચોત્રીશ કંચન વાન રે
લાખ વરસ આયુ પરમાણ રે, જેઠ વદિ તેરસ દિન નિરવાણ રે- (૩)
જિન પારંગત તું ભગવંત રે, સ્યાદ્વાદી શંકર ગુણવંત રે
શંભુ સ્વયંભુ વિશ્વી વિધાતા રે, તું હી સનાતન અભયનો દાતા રે- (૪)
પિતા ત્રાતા માતા ભ્રાતા રે, જ્ઞાતા દેવનો દેવ વિખ્યાતા રે
ઇણિ પરે ઓપમા **ઉત્તમ** છાજે રે, **પદ્મવિજય** કહે ચઢત દિવાજે રે- (૫)

## કર્તા : શ્રી પદ્મવિજયજી મ.

### (હાંરે માહારે જોબનીયાનો લટકો દહાડા ચ્યાર-એ દેશી)

હાંરે મ્હારે ! **શાંતિજિનેસર** અલવેસર આધાર જો,
લેઈ દીક્ષા દિયે શિક્ષા ભવિજન લોકને રે લો
હાં૦ પામી જ્ઞાન ધરી શુભ ધ્યાન અનંત જો,
ત્રણ ભુવન અજુવાળે ટાળે શોકને રે લો૦(૧)
હાં૦ શૈલેશીમાં થઈ અલેશી સ્વામિ જો,
નિજ સત્તાનો ભોગી શોગી નહી કદા રે લો
હાં૦ ગુણ એકત્રીસ જગીશ અતિ અદ્ભુત જો,
પ્રગટ થયા અવગુણ ગયા સવિ સાદિ સદા રે લો૦(૨)

હાં૦ ગતઆકાર શ્રીકાર સ્વરૂપ ગુણ પાંચ જો,
વરણવી ચિત્ત અતીતથી ગુણ પણ પામીયા રે લો
હાં૦ દોય ગંધ સંબંધ ટળ્યાથી દોય જો,
અરસ સરસથી ગુણ રસ પણ પ્રભુ વામીયા રે લો૦(૩)
હાં૦ ફરસ આઠના નાશથી ગુણ લહ્યા અષ્ટ જો,
ત્રણ વેદનો ખેદ પ્રભુ ! દૂરે કર્યો રે લો
હાં૦ અશરીરી અસંગી વળી અ-રૂહ જો,
એકત્રીસ ગુણ વરીઓ ભવ-દરીઓ નિસ્તર્યો રે લો૦(૪)
હાં૦ પામ્યા સિદ્ધસરૂપ અનૂપ જિણંદ જો,
તિમ સેવકના કારક તારક ભવતણા રે લો
હાં૦ **જિન-ઉત્તમ** વર ગુણ ભર પદકજ નિત્યજો,
**પદ્મવિજય** કહે ભાવો ભાવે ભવિજના રે લો૦(૫)

## કર્તા : શ્રી વિજયલક્ષ્મીસૂરિ મ.

### (જીરેજી-એ દેશી)

જીરે ! શ્રી શાંતિ નિરૂપમ ચક્રી, સવિ જનપદ પ્રભુ સદગુણી-જીરે જી
જીરે ! વિગતવિકાર કિરતાર, અજરામર નિર્ગુણ ગુણી-જીરેજી૦(૧)
જીરે ! બ્રહ્મા વિધાતા મહેશ, ચેતના અચલ[1]-સુતાપતિ-જી૦
જીરે ! શબ્દથી શંભુ જનમાંહ, ગુણથી જૈન વેદિકૃતિ-જી૦(૨)
જીરે ! હરી હર શક્ર નાગેશ, તેહનો જેના રતિ[2]પતિ સુણ્યો-જી૦
જીરે ! અચિંત્ય બળે કરી નાથ, ક્ષણમાં તે મદન દહન મુણ્યો-જી૦ (૩)
જીરે ! સદાશિવ વિધિ વિષ્ણુ, વિષ્ણુ પુરૂષોત્તમ સ્વયંપ્રભુ-જી૦
જીરે ! દમી ક્ષમી નિરદંભ, અંતરજામી નામી વિભુ-જી૦ (૪)

જીરે ! અનેક કલ્પના જાળ, વરજિત ધ્યેય અવિનય સ્વરૂપ-જી૦
જીરે ! સિદ્ધ બુદ્ધ નિર્લેપ, અલખ અજોગી વિશ્વંભરૂ-જી૦ (૫)
જીરે ! અગમ અરૂજ મહાગોપ, સનાતન અગુરૂલઘુ-જી૦
જીરે! તીરથાધિપ ભગવાન, પામી તુરીય દશાનઘુ-જી૦ (૬)
જીરે ! માધવ[૩] વરૂણ બિડૌમ[૪], નીલકંઠ સુરગુરૂ ગુણી-જી૦
જીરે ! ત્રિવિધ જોગે પ્રણમંત, તેહજધામ તું જગધણી-જી૦ (૭)
જીરે ! નાસ્તિક સૌગત સાંખ્ય, યોગાચાર વૈશેષિકા-જી૦
જીરે ! એકાંતે કરી તેહ, તુજ કળના નવિ કરી શક્યા-જી૦ (૮)
જીરે ! ઇત્યાદિક શુભનામ, યથારથ પ્રગટ્યા સદા-જી૦
જીરે ! તસુ ધ્યાને વિકસંત, **સૌભાગ્ય-લક્ષ્મીસૂરિ** સંપદા-જી, (૯)

૧. અચલ = હિમાલય, તેની સુતા = પાર્વતી, તેના પતિ = મહાદેવ ૨. કામદેવ ૩. કૃષ્ણ ૪. ઇંદ્ર

## કર્તા : શ્રી કીર્તિવિમલજી મ.

જીરે ! મારે-**શાંતિ જિનેસર** દેવ, અરજ સુણો પ્રભુ માહરી-જીરેજી
જીરે! મારે-ભવમાં ભમતાં સાર, સેવા પામી તાહરી-જીરેજી ....(૧)
જીરે! મારે-માનું સાર હું તેહ, હરિ-હર દીઠાં લોયણે-જીરેજી
જીરે! મારે-દીલે લાગ્યો રંગ, તુમ્હ ઉપર એક મને-જીરેજી ....(૨)
જીરે! મારે-જિમ પંથિ-મન ધામ, **સીતા**નું મન **રામ**શું-જીરેજી
જીરે! મારે-વિષયીને મન કામ, લોભીનું ચિત્ત રામશું-જીરેજી ....(૩)
જીરે ! મારે-એવો પ્રભુશું રંગ, તે તો તુમ્હ કૃપા થકી-જીરેજી
જીરે ! મારે-નિરવેદ અત્યંત, નિત્યે જ્ઞાન-દિશા થકી-જીરેજી ....(૪)
જીરે ! મારે **શાંતિ** કરો **શાંતિનાથ**, શાંતિ તણો અરથી સહી-જીરેજી
જીરે! મારે-**ઋદ્ધિ-કીર્ત્તિ** તુમ પાસ, **અમૃત** પદ આપો વહી-જીરેજી ....(૫)

## કર્તા : શ્રી દાનવિમલજી મ.

**શાંતિ** જિનેસર તાહરી, મૂરતિ અતિ મીઠી
જગ પારખી જોતાં થકાં, એહવી નવિ દીઠી-શાંતિ૦(૧)
સહજ સલુણા શાંતિજી, વિનતડી અવધારો
બાંહ્ય ગ્રહીને બાપજી, ભવ દુક્કર તારો-શાંતિ૦(૨)
આઠ પહોર અંદેસડી, ધ્યાન તાહરૂં મનમાં
ક્ષણ એક દિલથી ન વિસરે, જીવ જયાં લગી તનમાં-શાંતિ૦(૩)
શું સાહેબ સેવક મુખે, કહાવે કહે તું
પલ એકમાં કહી નવિ શકું, વીતક દુઃખ જે તું-શાંતિ૦(૪)
તારી જાણ પણા તણી, વાત ભલી અસમાન
જાણું છું **વિમલે** દીલ ભરી, દેશો વાંછિત **દાન**-શાંતિ૦(૫)

## કર્તા : શ્રી વિનીતવિજયજી મ.

### (દેશી-પારધિયાની)

સકળ મનોરથ સુરમણી રે, સોળસમો જિણભાણ રે, મન વસીઓ
**વિશ્વસેન**-નરરાયનોરે, વંશ-વિભૂશણ જાણ રે-શિવ-રસીઓ(૧)
અચિરારાણી જનમિઓરે, ચઉદસુપન સુવિચાર-મન૦
છપ્પન **દિગકુમરી મિળીરે**, ગાયો ગુણનિધિ સાર રે-શિવ૦(૨)
ચઉવિહ દેવ નિકાયનારે, નાયક ચોસઠ ઇંદ રે-મન૦
જનમમહોત્સવ બહુ પરેરે, કીધો મેરૂગિરિંદ રે-શિવ૦(૩)
ખટખંડ પૃથવી વશ કરીરે, વયરી તણા મદ મોડી રે-મન૦
બત્રીશ સહસ નરેસરૂરે, સેવ કરે કર જોડી રે-શિવ૦(૪)

ઈમ રાજસિરી વર ભોગવી રે, થયો કેવળ-કમળા કંત રે-મન૦
**મેરૂવિજય** શિષ્ય ઈમ ભણે રે; સેવો એ અરિહંતરે-શિવ૦(૫)

## કર્તા : શ્રી અમૃતવિજયજી મ.

(રાગ-કાફી)

મિલબો મનમંદિર મેરા, હો સલૂના સાહેબ મેરા-મિ૦(૧)
કાલ અનંત યોંહી તેરે દરશ બિન, ચારોંગતિ દેવત જીય ફેરા-મિ૦(૨)
પાંચો ઇંદ્રીકે સુખ રાચો, ઘુમ રહ્યો મદમેં અતિ ઘેરા-મિ૦(૩)
આપ અરૂપી અકળ સરૂપી, કૈસેં પાઉં જિન દરસન તેરા-મિ૦(૫)
સમકિતજ્ઞાન પાઉં અબ તેરા, સબ મિટે મોહમિથ્યાત અંધેરા-મિ૦(૬)
કહેત **અમૃત** મુજ શાંતિ સયાને, આય મિલે મનમંદિર મેરા-મિ૦(૭)

## કર્તા : શ્રી પ્રમોદસાગરજી મ.

(ઈડર આંબા આંબલી રે એ દેશી)

[૧]**શાંતિ**જિનાધિપ સોલમોરે, પુણ્ય તણો અંકુર ।
ધ્યાનાનલ મળ ટાળીને રે, પ્રગટ્યો આતમનૂર-
ચતુર ! જિન પ્રગટ્યો અનુભવ પૂર.
મોહતિમિર દૂરે કરી રે, ઉગ્યો સમક્તિસૂર-ચતુર૦ ।।૧।।
[૨] **ગજપુર**નગર સોહામણોરે, [૩] વિશ્વસેનનરપતિ તાત ।
[૪] **અચિરા** જનની દેવનીરે, [૫] **હરિણ** લંછન અતિકાંત-ચતુર૦ ।।૨।।

[6] જીવિત વરસ એક લાખનું રે, [7] ચ્યાલીશ ધનુષનું માન ।
[8] છત્રીશ ગુણધર ગુણનીલા રે, ધરતા પ્રભુકો ધ્યાન-ચતુર૦ ॥૩॥
[9] બાસઠ સહસ જસ સાધુ છે રે, તીન રયણ આધાર ।
[10] એકસઠ સહસ સાધવી રે, અધિકી ખટ અવધાર-ચતુર૦ ॥૪॥
સેવે [11] ગરૂડ યક્ષેશ્વરૂ રે, [12] નિરવાણી તસ નાર;
શાંતિકરણ જગ શાંતિજી રે, **પ્રમોદસાગર** જયકાર-ચતુર૦ ॥૫॥

## કર્તા : શ્રી ભાણચંદ્રજી મ.

### (દેશી મથુરાની)

સોળમાં શાંતિ જિનેશ્વરૂ હો રાજ, ચક્રી પંચમ એહ હો ! -મનમોહન સ્વામી
વિનવું હું શિરનામી હો ! રાજ ! તું મુજ અંતરજામી હો-મન૦ ।
ઉપકારી ત્રિહું લોકના હો ! રાજ ! જિન જગ રવિ શશિ મેહ રે -મન૦ ॥૧॥
માહરે તુમશું પ્રીતડી હો ! રાજ ! તું તો સદા વીતરાગ હો-મન૦
ભિન્ન સ્વભાવ તે કિમ મિલે હો ! રાજ !
ઈમ નહીં પ્રીતિનો લાગ હો-મન૦॥૨॥
હું મોહે મુંઝયો ઘણું હો ! રાજ ! તું નિરમોહી ભદંત હો-મન૦ !
તું સમતા-સુખ સાગરૂ હો ! રાજ ! હું જગ મમતાવંત હો-મન૦॥૩॥
હું જડ-સંગે રંગીઓ હો ! રાજ ! તું ચિદાનંદ-સ્વરૂપ હો-મન૦
ભવ-તૃષ્ણા મુજને ઘણી હો ! રાજ ! તું શીતળ જગ-ભૂપરે-મન૦॥૪॥
ઈમ બિહું ભિન્નપણાથકી હો ! રાજ! કિમૈ એક તાન મિલાય હો-મન૦
સ્વામી-સેવક અંતરે હો ! રાજ! કિમ લહું ! સ્વામી ! પસાય રે-મન૦॥૫॥

પણ ભક્તિ નિર્મળ કરી હો ! રાજ ! અહર્નિશ કરૂં તુમ સેવરે-મન૦।
આશ્રિત જાણી સંગ્રહો ! રાજ ! પાર ઉતારો દેવ હો-મન૦॥૬॥
તુમ નાથે હું સ-નાથ છું રાજ ! ધન્ય ગણું અવતાર ! હો-મન૦
**વાઘજી** મુનિના ભાણને હો ! રાજ ! આપો શિવસુખ સાર હો-મન૦॥૭॥

## કર્તા : શ્રી ખુશાલમુનિજી મ.

### (જ્વાળામુખીરે મા જાગતાં રે-એ દેશી)

સકળ સુખકર સાહિબોરે-શ્રી શાંતિ જિનરાયરે;
ભાવ સહિત ભવિ વંદવારે, શ્રી૦ ઉલસિત તન મન થાય છે રે શ્રી૦
[1]વદન અનોપમ રાજતોરે શ્રી૦ શાંતિ૦॥૧॥
તે દીઠાં ભવદુઃખ જાય છે રે-શ્રી૦ જગગુરૂ મહિમા જાગતો રે-શ્રી૦
સંપૂર્ણ સુખકંદરે-શ્રી૦. ભવિજનને હિત [2] દાય છે રે- શ્રી૦ શાંતિ૦॥૨॥
મુજને તાહરા નામનોરે-શ્રી૦, [3] પરમ રતિ-રસનો ઠામ છે રે-શ્રી૦।
નિશ-સૂતાં દિન જાગતાં રે-શ્રી૦, હિયાથી ન વેગળો થાય છે રે-શ્રી૦॥૩॥
સાંભરતા ગુણ તાહરા રે-શ્રી૦, આનંદ અંગ ન માય છે રે શ્રી૦।
તું ઉપગાર-ગુણે ભર્યોરે-શ્રી૦ અવગુણ કોય ન સમાય છે રે -શ્રી૦॥૪॥
**મેઘરથ** રાજાતણે ભવેરે-શ્રી૦, પારેવો ઉગારીયો રે;-શ્રી૦।
તિમ મુજને નિરભય કરોરે-શ્રી૦, સ્વામી સુપ્રસન્ન થાય છે રે -શ્રી૦॥૫॥
શ્રી **અખયચંદસૂરીસરૂરે**-શ્રી૦, ગુરૂજી ગુણમણિ-ખાણરે-શ્રી૦।
તેહના ચરણ પસાયથીરે-શ્રી૦, **ખુશાલમુનિ** ગુણ ગાય છે રે-શ્રી૦॥૬॥

---

૧. મુખ ૨. અનુકૂળ ૩. શ્રેષ્ઠ આનંદના રસનો

## કર્તા : શ્રી ચતુરવિજયજી મ.

### (સીતાહો પ્રીયા સીતા કહે સુણો વાત એ-દેશી)

શાંતિ હો ! જિન ! શાંતિ કરો **શાંતિનાથ,**
**અચિરા** હો ! જિન ! **અચિરાનંદન** વંદનાજી ॥
[1]કેવળ હો ! પ્રભુ ! કેવળ લહિયે [2] દીદાર,
ભાંગી હો ! જિન ! ભાંગી ભાવઠ ભંજનાજી ...॥૧॥
પ્રગટી હો ! જિન ! પ્રગટી રિદ્ધિનિદાન,
માહરે હો ! જિન ! માહરે જસ સુરતરૂ ફળ્યોજી ।
તોરણ હો ! જિન ! તોરણ બાંધ્યાં બાર,
અભય હો ! જિન ! અભયદાન દાતા મળ્યો જી ...॥૨॥
દાયક હો ! જિન ! દાયક દીનદયાળ,
જેહને હો ! જિન ! જેહને બોલે હુએ મુદાજી ।
જિનની હો ! જિન ! જિનની વાણી મુજ,
પ્યારી હો ! જિન ! પ્યારી લાગે તે સદાજી ...॥૩॥
ઉદયો હો ! જિન ! ઉદયો જ્ઞાન-દિણંદ,
[3]ધાઠો હો ! જિન ! ધાઠો અશુભ દિન વળ્યોજી ।
મળીઓ હો ! જિન ! મળીઓ ઇષ્ટ-સંજોગ,
સુંદર હો ! જિન ! સુંદરતા તન-મન ભળ્યોજી ...॥૪॥
સાખી હો ! જિન ! સાખી ઇંદ્ર-નરિંદ,
અવર હો ! જિન ! અવર અનુભવ આતમાજી ।
પ્રેમે હો ! જિન ! પ્રેમે ચતુર સુજાણ,
ગાયા હો ! જિન ! ગાયા ગુણ એ તાતનાજી ...॥૫॥

૧. ફક્ત, ૨. ચહેરો, ૩. ઘસાઈ ગયો.

## કર્તા : શ્રી દેવચંદ્રજી મ.

### (માલા કિહાં છે રે – એ દેશી)

### (આંખડીયે મેં આજ શત્રુંજય દીઠો રે-એ દેશી)

જગતદિવાકર જગત કૃપાનિધિ, વાલ્હા મારા ! સમવસરણમેં બેઠા ।
ચૌમુખ ચઉવિહ ધર્મ પ્રકાશે, તે મેં નયણે દીઠારે –
ભવિક જન હરખો રે ! નિરખી શાંતિજિણંદ-ભ૦,
ઉપશમ-રસનો કંદ, નહિ ઇણ સરિખો રે. ॥૧॥
પ્રાતિહાર્ય અતિશય શોભા, વા૦ તે તો કહિય ન જાવે ।
ઘૂક-બાલકથી રવિ-કર-ભરનો; વર્ણન કિણપરે થાવે રે ? ભ૦ ॥૨॥
વાણી ગુણ પાંત્રીશ અનોપમ, વા૦ અ-વિસંવાદ-સરૂપે ।
ભવ-દુઃખવારણ શિવ-સુખકારણ, શુદ્ધધર્મ પ્રરૂપેરે-ભ૦ ॥૩॥
દક્ષિણ પશ્ચિમ ઉત્તર દિશિ મુખ, વા૦ ઠવણ જિન ઉપગારી ।
તસુ આલંબન લહીય અનોપમ, તિહાં થયા સમકિત-ધારી-॥૪॥
ખટ નય કાર્ય રૂપે ઠવણા, વા૦ સગ નય કારણ ઠાણી ।
નિમિત્ત સમાન થાપના જિનજી, એ આગમની વાણી-ભ૦ ॥૫॥
સાધક તીન નિક્ષેપા મુખ્યે, વા૦ જે વિણુ ભાવ ન લહીયે ।
ઉપગારી દુગ ભાષ્યે ભાખ્યા, ભાવ વંદકનો ગહીયેરે - ભ૦ ॥૬॥
ઠવણા સમવસરણ જિનસેંતી, વા૦ જો અ-ભેદતા વાધી ।
એ આત્માના સ્વભાવ ગુણ વ્યક્ત યોગ્યતા સાધી - ભ૦ ॥૭॥
ભલું થયું મેં પ્રભુગુણ ગાયા, વા૦ રસનાનો ફળ લીધો ।
દેવચંદ્ર કહે મહારા મનનો સકળ મનોરથ સીદ્ધો. ભ૦ ॥૮॥

## કર્તા : શ્રી જીવણવિજયજી મ.

### (કેવલી અચલ કહેવાણી)

જગ જગનાયક, **જિનચંદા** ! તુજ દરિસણ નયનાનંદા રી -
સુણો ! સાહિબ **શાંતિ** જિણંદા !
જિન સોળમો પંચમ ચક્રી, પય પ્રણમે ચોસઠ [1]શક્ર રી-સુણો ૦ ॥૧॥
આપ [2]ઓળગુઆ મન આણો,
મળિયો મન માન્યો એ ટાણો રી-સુણો ૦ ।
અવસર લહી ચતુર ન ચુકે, નિજ દાસ નિરાશ ન મૂકે રી-સુણો ૦ ॥૨॥
ટળે તન-મન તાપ તો મેરા, ચાહી ચરણ ગ્રહું હું તોરા રી-સુણો ૦ ।
તુજ સંગમથી સુખ પાયો, જાણે ગંગા-જલમાં ન્હાયો રી-સુણો ૦ ॥૩॥
[3]અળગા [4]અરિ [5]વંછિત હોશી,
સાહિબ ! જો સનમુખ જોશી રી-સુણો ૦ ।
પ્રભુ મિલવા જે મન કરશે, થઈ એકમનો ધ્યાન ધરશે રી-સુણો ૦ ॥૪॥
નેહ-નજરે નાથ ! નિહાળી, મુજ ટાળો મોહ જંજાળી રી-સુણો ૦ ।
કહે જીવણ જિન ચિત્ત ધારી, ભજીયે ભવિ મુક્તિ તૈયારી-સુણો ૦ ॥૫॥

---

૧ ઈન્દ્ર, ૨ સેવક, ૩ આઘા, ૪ દુશ્મનો ૫. મન ધાર્યું

## કર્તા : શ્રી દાનવિજયજી મ.

### (વામાનંદન જિનવર, મુનિમાંહે વડો રે કે)

**શાંતિ**-જિનેસર સુખકર, મૂરતિ તાહરી રે-કે મૂરતિ તાહરી,
દીઠી મીઠી આજ, અમૃત પરે દુઃખહરી રે કે-અમૃત ০।
નિરખી નિરખી સંતાપ મિટે, સઘળો મને રે કે-મિટે ০,
વરસંતાં જલધાર, શમે જિમ[1] દવ વને રે કે-શમે ০ ।।૧।।
જિમ ગંગા-પરવાહ, ગિરીન્દથી ઉતરે રે કે-ગિરી ০,
તિમ સમતારસ અમૃત, જે ચિહું દિશિ ઝરે રે કે-જે ০।
જાતિ તણાં પણ વૈર, જે દેખી તિમ ટલે રે કે - જે ০,
વાયે [2]દક્ષિણ વાય, [3]ઘનાઘન જિમ ફળે રે કે-ઘના ০ ।।૨।।
રાગ તણું પણ ચિન્હ, ન જેહમાં દેખિયે રે કે-ન ০,
દ્વેષ તણો તિહાં અંશ, કહો કિમ ? લેખિયે રે કે-કહે ০।
રાગ-દ્વેષ અભાવ, [4]તિણે [5]બુધ [6]અટકળે રે કે-તિ ০,
વહનિ-પખે[7] કહો કેમ, ધુઆંડો નીકળે રે કે-ધુંઆ ০ ।।૩।।
નિરખે સુર-નર નારી, ફરી ફરી નેહ શું રે-ફરી ০,
પણ તિલ ભાર વિકાર, ન ઉપજે તેહશું રે-ન ০।
એ લોકોત્તર અતિશય, જેહનો સાંભળ્યો રે કે-જે ০,
ચિંતવતાં જિન ચિત્ત, મહારસ ઉછળ્યો રે કે મહા ০ ।।૪।।
સમતામય ધ્યેય[8] લેય, માનું સહી એ ઘડી રે કે-માનું ০,
આંખથી મ્હેલતાં અલગ, સુહાયે ન એક ઘડી રે કે -સુ ০।
અ-કલંકિત પ્રભુ-મૂરતિ, ચંદ્ર-કલા જિસી રે કે-ચંદ્ર ০,
**દાન વિજય** કહે દેખત, મુજ કીકી હસી રે કે-મુજ ০ ।।૫।।

---

૧ દાવાનલ = જંગલનો અગ્નિ, ૨ દક્ષિણ દિશાનો, ૩ મેઘ ઘટા, ૪ તેથી, ૫ સમજુ માણસો, ૬ અનુમાન કરે, ૭ વિના, ૮ લેવા માટે.

## કર્તા : શ્રી મેઘવિજયજી મ.

(સાહિબ ! બાહુ-જિનેસર, વિનવું-એ દેશી)

સજની ! શાંત-મહારસ-સાગરૂ, સેવો **શાંતિજિણંદ** હો !
સ૦ આશ પૂરે સવિ દાસની,
વિચરે કાંઇ વિદેશ હો! - સ૦ શાંતિ૦ ॥૧॥

સ૦ સમતા શું મમતા ધરી, સંઘરી રાખી શાંતિ-હો !
સ૦ એ પ્રભુ - સેવાથી સહી,
ભાવઠ [૧]ભાંજે ભ્રાંતિ-હો! -સ૦ શાંતિ૦ ॥૨॥

સ૦ ઇણે ઘરવાસે ભોગવી, ષટખંડ-ૠદ્ધિ નાથ ! હો !
સ૦ તીર્થંકર - પદ - સંપદા,
ભોગવી શિવપુર-સાથ-હો! -સ૦- શાંતિ૦ ॥૩॥

સ૦ દેવ અવર જે આદરે, જે છંડી જિનરાય હો !
સ૦ તે સુરતરૂ-છાયા તજી,
બાઉલીયા દિશિ ધાય હો-સ૦ શાંતિ૦ ॥૪॥

સ૦ [૨] પરિજન [૩] અરિજન બેહુ સમા, સમવળી રંકને રાય હો !
સ૦ પ્રભુ સમતારસ - પૂરીયો,
**મેઘ-સમો** કહેવાય હો! -સ૦ શાંતિ૦ ॥૫॥

૧. ભવ ભ્રમણા ૨. પોતાના પરિવારના લોકો ૩ દુશ્મનો

## કર્તા : શ્રી કેશરવિમલજી મ.

### (દીઠી હો પ્રભુ દીઠી જગગુરૂ ! તુજ-એ દેશી)

સાંભળ હો ! પ્રભુ ! સાંભળ શાંતિ-જિણંદ !,
વિનતિ હો ! પ્રભુ ! વિનતી માહરા મનધણીજી ।
પૂરણ હો ! પ્રભુ ! પૂરણ મનની આશ,
પામ્યો હો પ્રભુ ! પામ્યો મેં તું સુરમણિજી ॥૧॥
તુજશું હો ! પ્રભુ ! તુજશું લાગ્યું મન,
નેહી હો ! પ્રભુ ! નેહી મેહા મોર જયુંજી ।
લોચન હો ! પ્રભુ ! લોચન તુજ મુખ દેખી,
હરખે હો ! પ્રભુ ! હરખે ચંદ ચકોર જયુંજી ॥૨॥
તુજશું હો ! પ્રભુ ! તુજશું સાચો પ્રેમ,
પંકજ હો ! પ્રભુ ! પંકજ રવિ જયું ઉલ્લસ્યોજી;
તું પણ હો ! પ્રભુ ! તું પણ સુપસન્ન થાય,
સુખકર હો ! પ્રભુ ! સુખકર જો મુજ મન વસ્યોજી ॥૩॥
કીજે હો ! પ્રભુ કીજે મુજશું હેત,
સાચી હો ! પ્રભુ । સાચી પ્રીત મનમાં ધરીજી ।
સેવા હો ! પ્રભુ ! સેવા તો પરમાણ,
જાણું હો ! પ્રભુ ! જાણું તેં જાણી ખરીજી ॥૪॥
હેજે હો ! પ્રભુ ! હેજે હૈયે ધરી આપ,
દીજે હો ! પ્રભુ ! દીજે વાંછિત-સુખ ઘણાંજી ।

દરસણ હો ! પ્રભુ ! દરસંણ દેઈ દેવ,
પૂરો હો ! પ્રભુ ! પૂરો ! મનોરથ મન તણાજી ।।૫।।
**અચિરા** હો ! પ્રભુ ! **અચિરા-નંદન** દેવ,
જાણી હો ! પ્રભુ ! જાણી વિનતિ જગધણીજી ।
**કેશર** હો ! પ્રભુ ! **કેશર** કહે જિનરાય ।
દીજે હો ! પ્રભુ ! દીજે દરિસણ મુજ ભણીજી ।।૬।।

## કર્તા : શ્રી કનકવિજયજી મ.

**(પીછોલારી પાલિ આંબા દોઈ રાવલા મ્હારા રાજ એ દેશી)**

**અચિરા-**સુત સુખકાર પ્રભુ ! તું માહરો-મહારાજ !,
ભગત-વછલ ભગવંત હું સેવક તાહરો-મહારાજ !
તુઝ વિણ અવર ન કોય કઇ મુઝ મનડું હરઇ-મહારાજ !,
તુમ્હ દીઠઇ જિનરાજ લોચન દોય મુઝ ઠરઇ-મહારાજ ! ।।૧।।
લાગી તુમ્હસ્યું પ્રીતિ તે ટાલી નવિ ટલઇ-મહારાજ !,
નેહ-વિસૂધું ચિત્ત તે અવરસ્યું નવિ મિલઇ-મહારાજ !
સૂતાં-જાગતાં એક તું અહનિશિ સાંભરઇ-મહારાજ !,
તુમ્હ દીઠઇ મુઝ હોય, હરખ-ભર બહુ પરઇ-મહારાજ ! ।।૨।।
તુમ્હ લોચન [1]જલ-જ સમાન, વદન [2]શારદ શશી-મહારાજ !,
તુઝ સોહઇ રૂપ અનૂપ, બીજું એહવું નહી-મહારાજ !
તુઝ અભિનવ-ગુણ-સમુદાય, કહ્યો જાઇ નહી-મહારાજ ! ।।૩।।

તુજ તેજ ઝિગમગ જોતી [3]તરણિ જિમ ઝલહલઇ-મહારાજ !,
પરગટ તુમ્હ [4]પરતાપ દૂરિત જેહથી ટલઇ-મહારાજ !
તુમ્હ નામઇં નવનિધિ હોય સંકટ સવિ ઉપશમઇ-મહારાજ !,
સુર-નર-કિંનર કોડિ આવી પાએ નમઇ-મહારાજ ! ।।૪।।
ચાહ ધરી ચિત્ત એહ માંગું ત્રિભુવન-ધણી ! મહારાજ !,
આપો કરી સુ-પસાય સેવા નિજ પય તણી-મહારાજ !
**કનકવિજય** કર જોડી કઇ ઈમ ભાવઇં કહઇ-મહારાજ !,
જે સેવઇ પ્રભુ-પાય તે સુખ સંપત્તિ લહઇં-મહારાજ ! ।।૫।।

૧ કમલ, ૨ આસો સુદ પૂનમના ૩ સૂર્ય ૪ પ્રભાવથી

## કર્તા : શ્રી રૂચિરવિમલજી મ.

**(ઢાલ-ભટીયાણી રાણી)**

સહજ સલૂણો હો ! સુ-સ્નેહી **શાંતિ** જિનેસરુ,
પ્રભુ કેસર ચરચિત કાય । દેવ ! દિલ-રંજન ! હો !
જુહારું તારક આતમા; પ્રભુ દીઠાંથી સુખ થાય - સહજ ૦ ।।૧।।

સાર સંસાર હો ! અવતારે સાહિબ સેવના, દેવાધિપ પૂજૈ પાય ।
સુર-નર નારી હો ! મુખ વારી વારી ઈમ કહૈ,
તુમ્હે તારો ત્રિભુવન રાય - સહજ૦ ।।૨।।

તન-ધન-જોવન હો ! ચંચલ અંજલિ જલ સમો,
જિમ સંધ્યા રાગ સુહાય । વાર ન લાગે હો !
જમવારો જાગી જોયતાં, ખિણમાંહિ ખેરુ થાય-સહજ ૦ ।।૩।।

અવસર પામી હો ! શિવગામી નામી થાયસ્યો,
જો તપ જપ દાન રચાય । સમરથ સાહિબ હો ! જો
નિરખી પરખીને આપણો, પ્રભુ ! કીજૈ નેહ લગાય-સહજ૦ ॥૪॥
છેહ ન દેસ્યૈ હો ! કહસ્યૈ જે વાતડી,
પ્રભુ ! વાલા વિરચી ન જાય ।
**રૂચિર** સોહાગી જિનરાગી લાગી પ્રીતડી, પ્રભુ-ચરણાશું ચિત લાય-સહજ૦ ॥૫॥

## કર્તા : શ્રી રૂચિરવિમલજી મ.

**(રાજાજી આયા દેસમાં, રાણી મહલ સમારે એ-દેશી)**

શાંતિ જિણેસર સાહિબા, મુજરો માનીજે રે ।
દીજે દરસણ દાસને, નેહેં નીરખીજૈ-શાંતિ૦ ॥૧॥

ચિતડું ચરણે તાહરૈ માહરૈ તું સ્વામી રે ।
પામી પુણ્યે સેવના, દેવ શિવગઇગામી૦ ॥૨॥

સેવક જાણી આપણો, શ્યું કારજ કીધું રે ।
લીધું ચિત્ત ચોરી કરી, નેહેં ચિત્ત બીધું-શાંતિ૦ ॥૩॥

જો જગમાં જાચા અછો, સાહિબજી સાચા રે ।
તો નિજ વાચા પાલસ્યો, મત થાઉ કાચા-શાંતિ૦ ॥૪॥

તેં તાર્યા બહુ પાપીયા, મોંને કાંય વિસારો રે ? ।
**રૂચિર** પ્રભુજી અવસરે, સંભારી તારો-શાંતિ૦ ॥૫॥

## કર્તા : શ્રી ભાવપ્રભસૂરિ મ.

### (ઘર આવોજી આંબો મુહરીઓ-એ દેશી)

સખી ! સેવીઇ **શાંતિ-જિણેસરુ**, **વિશ્વસેન** રાય-કુલ[1]-ભાણ ।
સખી ! સફલી સેવા એહની, સખી ! છે સેવાનો એ જાણ-સખી !
સેવીઇ ૦ ॥૧॥

સખી ! [2]તૂસ્યા અને [3]રુસ્યા તણું, સખી ! દીસઇ ન કોઈ ચિન્હ ।
સખી ! હરિ-હરાદિક દેવથી, સખી ! એહનું લક્ષણ ભિન્ન-સખી !
સેવીઇં ૦ ॥૨॥

સખી ! સ્વારથ કો એહનઇ નહી, સખી ! ઉપગારીમેં મહંત ।
સખી ! ધન વિણ ઠકુરાઈ ધરઇ, સુર-નર સેવ કરંત-સખી !
સેવીઇં ૦ ॥૩॥

સખી ! એહની સહજ કૃપા થકી, સખી ! કરીએ કરમને [4]જેર ।
સખી ! [5]ડોકલીઇં [6]દરીઓ [7]મઉં, સખી ! મુંઠીમાં ધરું મેર-સખી !
સેવીઇં ૦ ॥૪॥

સખી ! [8]જિણ તિણને નવિ સેવીઇ, સખી ! કરિ એહસ્યું તું ક્રીડ ।
સખી ! **ભાવપ્રભ** કહૈ એ પ્રભુ, સખી ! સેવ્યો ભાંજસ્યે પીડ-સખી !
સેવીઇં ૦ ॥૫॥

---

૧. સૂર્ય, ૨ ખુશી, ૩ નારાજી, ૪ નિર્બળ, ૫ નાના વાસણથી, ૬ સમુદ્ર ૭ માપુ, ૮ જેવા તેવાને

## કર્તા : શ્રી રતનવિજયજી મ.

(ઢંઢણ-ઋષિજીને વંદના હું વારી-એ દેશી)

અચિરા-નંદન વંદિયે - હું વારી,
ગુણનિધિ **શાંતિ** - જિણંદરે - હું વારી લાલ ।
અભય - દાન - ગુણ - આગરૂ - હું વારી,
ઉપશમ - રસનો કંદરે - હું વારી લાલ-અચિરા૦ ।।૧।।
મારી - મરકી વેદના - હું૦
પસરી સઘલે દેશ રે - હું વારી લાલ ।
દુઃખ - દાયક અતિ - આકરી, હું૦ ,
પામે લોક કલેશ રે - હું૦ અચિરા૦ ।।૨।।
પુણ્યાનુબંધિ-પુણ્યથી હું ૦ ઉપન્યા ગર્ભ-મોઝાર-હું ૦ ।
શાંતિ પ્રવર્તી [૧]જનપદે - હું૦ ,
હુઓ જયજયકાર રે - હું૦ અચિરા૦ ।।૩।।
દોય પદવી એકે ભવે - હું૦, ષોડશમો જગદીશ રે - હું૦ ।
પંચમ - ચક્રી ગુણ - નીલો - હું૦,
પ્રહ ઉઠી નામું શીશ રે - હું૦ અચિરા૦ ।।૪।।
દીક્ષા ગ્રહે તે દિન થકી - હું૦,
ચઉ - નાણી ભગવાન રે - હું૦ ।
ઘાતી - કરમના નાશથી - હું૦
પામ્યા પંચમ - જ્ઞાન રે - હું૦ અચિરા૦ ।।૫।।
તીર્થપતિ વિચરે જિહાં - હું૦ ત્રિગડું રચે સુરરાય રે - હું૦ ।
સમવસરણ દિયે દેશના - હું૦,
સુણતા ભવ-દુઃખ જાય રે - હું૦ અચિરા૦ ।।૬।।

[2]પણવીસ-[3]સય ને આગલે - હું૦,
જોયણ લગે નિરધાર રે-હું૦।
[4]સ્વ - ચક્ર - [5]પરચક્રનાં - હું૦,
ભય થાયે [6]વિસરાળ રે - હું૦ અચિરા૦ ॥૭॥

જીવ ઘણા તિહાં ઉદ્ધરી-હું૦,
શિવ - પુર સનમુખ કીધ રે - હું૦।
અક્ષય-સુખ જિહાં શાશ્વતાં - હું૦,
અ-વિચલ - પદવી લીધ રે-હું૦ અચિરા૦ ॥૮॥

સહસ - મુનિ સાથે વર્યા - હું૦,
**સમેત-શિખર** - ગિરિ સિદ્ધ રે - હું૦।
**ઉત્તમ** ગુરુ-પદ સેવતા-હું,
**રતન** લહે નવ-નિધ રે-હું૦ અચિરા૦ ॥૯॥

---

૧ દેશમાં, ૨ પચ્ચીશ, ૩ સોની ઉપર-એટલે ૧૨૫ યોજનમાં ૪ પોતાના દેશનો, ૫ બીજાના દેશ=દુશ્મનનો, ૬ દૂર થાય તેવા.

## કર્તા : શ્રી માણેકમુનિ મ.

**(ઢાલ-કાવની મેહલો નઈ કાનજી રે, શ્યું માગો છો દામ એ-દેશી)**

શાંતિ જિનેસર સેવતાં રે રાજ ! ઘરમિં હુઇ શુભ શાંતિ કે ।
ભાંતિ ભલી આરાધતા રે,
અતિહી [1]વ્યસન ઉપશાંતિ કિ-સહજ સલૂણા શાંતિજી રે ॥૧॥

ગજપુર નયર નરેસરુ રે, **અચિરા** માત મલ્હાર કિ ।
**વિશ્વસેન** નૃપ-કુલ-તિલો રે, [2]વિશ્વ-રમા-ભરતાર કિ-સહજ૦ ॥૨॥

નયણ-કમલ-દલ સારિખાં રે, કેશર વરણી કાય કિ ।
મુખ મટકે મન મારૂ [3]તોરે. સૂરતિ અજબ સુહાય કિ-સહજ ૦ ॥૩॥
મસ્તક મુગુટ સોહામણો રે, કાને કુંડલ સાર કિ ।
કર કડલી રતને જડી રે, ગલે મુગતાફલ-હાર કિ-સહજ ૦ ॥૪॥
જિનવર-ચક્રી સંપદા રે, ભોગવીને ભગવંત કે ।
મુગતિમાં [4]હેલે પધારીયો રે, **માણિક મુનિ** પ્રણમંત કે-સહજ ૦ ॥૫॥

૧ દુઃખ, ૨ સઘળી લક્ષ્મી, ૩ તારા, ૪ જલદી,

## કર્તા : શ્રી દીપવિજયજી મ.

**(રાધાજી કે કર ચઢયો રે, કાનુડો ગોવાલ પ્રીત શામલીયારે-એ દેશી)**

**શાંતિનાથ** ધર્મ-મનોહરુ રે,
શાંતિ-કરણ સુ-વિલાસ-મોહન શિવ-રસીયા રે ।
ધર્મચક્ર પ્રભાવથી રે, સર્વ-કલેશનો નાશ-મોહન ૦ ॥૧॥
ગર્ભાવાસમાંહિ થકાં રે, જગ વરતાવી શાંતિ-મોહન ૦ ।
મેઘરથ પાંચમા અનુત્તર માંહે, સુખ વિલસી ચવંત-મોહન ૦ ॥૨॥
હસ્તિનાપુર વર તણો રે, થયો ચક્રી અરિહંત-મોહન ૦ ।
[1]અજ રાશિ ભરણી ભલું રે, માનવ ગણ ગુણવંત -મોહન ૦ ॥૩॥
ગજ જોનિ સંજમ વર્યા રે, જિનજી વરસને અંત-મોહન ૦ ।
નંદી તરૂવર હેઠલેં રે, કેવલજ્ઞાન વરંત-મોહન ૦ ॥૪॥
પ્રભુ નવસેં પરિવાર શું રે, પામ્યા પદ નિર્વાણ-મોહન ૦ ।
સિદ્ધ સભામાં **દીપતો**, તીન જગતનો ભાણ-મોહન ૦ ॥૫॥

૧. મેષ રાશિ

## કર્તા : શ્રી ધર્મકીર્તિ ગણિ મ.

શાંતિનાથ સવ્વટ્ઠ ચવી કરી (૧) ગજપુરી (૨)
[1]અઇરા (૩) [2] વિસસેણ કુલિ ઉપજીય (૪)।
આઉષઉ લખ [3]વાસ (૫) છત્તીસ ગણાધિપ (૬)
ગરુડ જખ્ખ (૭) [4] ધજ હરિણલય (૮) ॥૪૯॥
ભરણી રિખ્ખઇ જન્મ (૯) છઠઇ (૧૦) સંજમ (૧૧)
નાણાવલી (૧૨) [5]ગજપુરિ લહ્યા ય,
સાહુણી સહસિગસઠિ, છગ સય ઉપર (૧૩)
સહસ બાસઠા મુનિ કહ્યા ય ॥૫૦॥
નવઇ સહસ ઇગ લખ્ખ સડ્ઢ (૧૫)
તરુવર નંદી (૧૬) અજરાશિ નિરમલી ય। (૧૭)
તેણું સહસ તિઅ લખ્ખ સાવિઅ (૧૮)
પારણ સુમિત્ર (૧૯) સંમેતઇ સિદ્ધિ મિલીય (૨૦) ॥૫૧॥

### દુહા

ધણુ ચાલીસ સુહામણઉ (૨૧) કનકવરણી પ્રભુકાય (૨૨),
નિરવાણી દેવી સદા (૨૩) ગુણ ગાવઈ નિરમાય ॥૫૨॥
ધમ્મ-સંતી જિણ આંતરઉ, પલ્લતણા ચઉ ભાગ,
ઉણ તિ-ભાગે અયરતિય (૨૪) જિનવચને ધરી રાગ ॥૫૩॥

---

૧ અચિરા, ૨ વિશ્વસેન, ૩ વર્ષ, ૪ લાંછન ૫ હસ્તિનાપુર,

## કર્તા : શ્રી સ્વરૂપચંદજી મ.

### (ગોરી બિન અવગુણ કિમ છોરીઈ-એ દેશી)

સેવો ભવી શાંતિ જિણંદ સનેહા, શાંત રસ ગેહા, શમામૃત-ગેહા,
-સેવો ભવિ શાંતિ જિણંદ સનેહા ॥
રાગ-દ્વેષ-ભવ પાપ-સંતાપિત, ત્રિવિધ તાપહર મેહા-સેવો ૦ ।
માયા-લોભ રાગ કરી-જાણો, દ્વેષ-ક્રોધ મદ રેહા-સેવો ૦ ॥૧॥

અનંતાનુબંધી અપ્રત્યાખ્યાની, પચ્ચક્ખાણ સંજલન છેહા-સેવો ૦ ।
નિજ અન્યોન્ય-સદશથી ચઉસઠિ, સંખ્યા-વાસિત-દેહા-સેવો ૦ ॥૨॥

નો-કષાય નવ હાસ્ય અરતિ રતિ, શોક-જુગુપ્સા ભય વેહા-સેવો ૦ ।
મન વચન કાય તપાવત તાથે, કહિયેં તાપ અછેહા-સેવો ૦ ॥૩॥

જૈસે વનદવ તરૂ-ગણ બાલે ત્યોં અંતરગત એહા-સેવો ૦ ।
ખમ શમ દમ ઉપશમ શીતલતા, કરી જલ-લહરી-લેહા-સેવો ॥૪॥

આતમ-રાય રાજ્ય અભિસિંચ્યો, પૂજિત ત્રિભુવન-ગેહા-સેવો ૦ ।
તુમ શિર-છત્ર કી છાહ અમશિર, ધો **સ્વરૂપ** અનુપેહા-સેવો ૦ ॥૫॥

## કર્તા : શ્રી જશવિજયજી મ.

(વિનતિ અવધારો રે, પુર માંહે પધારો રે - એ દેશી)

સુણો **શાંતિ**-જિણંદારે, તુમ દીઠે આણંદા રે,
દૂર ટળે ભવફંદા દરિસણ દેખતાં રે, ॥૧॥
મુદ્રા મનોહારી રે, ત્રિભુવન-ઉપકારી રે,
પ્યારી વળી લાગે સહુને પેખતાં રે ॥૨॥
સૌમ્યતાએ શશી નાસી રે, ભમે ઉદાસી રે,
આવ્યો મૃગ પાસે, અધિકાઈ જોવતો રે ॥૩॥
તેજે [૧]ભાણ ભાગો રે, આકાશે જઇ લાગો રે,
ધરે [૨]વજ્રી રાગો, રૂપે મોહતો રે, ॥૪॥
પરમાણુ જે શાંત રે, નિપની તુમ કાંત રે.
ટળી મન ભ્રાંત પરમાણુ એટલા રે. ॥૫॥
દેવ જોતાં કોડી રે, નાવે તુમ હોડી રે.
નમે કર જોડી, સુર જે ભલા રે. ॥૬॥
જનમે [૩]ઇતિ વારી રે, ખટ-ખંડ ભોગ ધારી રે,
થયા વ્રત-ધારી, નારી પરિહરી રે. ॥૭॥
વરસી-દાન વરસી રે, સંજમ-શ્રેણી ફરસી રે.
કઠિન કરમની રાશિ, તુમથી તે થરહરી રે. ॥૮॥
ધ્યાના-નલ-જોગે રે, આતમ-ગુણ ભોગે રે.
રોગે ને સોગેથી, તું દૂરે રહે રે. ॥૯॥
પ્રણમે પ્રભુ-પાયા રે, ખિમાવિજય-ગુરુરાયા રે.
તુમ ગુણ પ્રતિ, ભાયા **જશ** તે લહે રે. ॥૧૦॥

૧ સૂર્ય ૨ ઇંદ્ર ૩ ઉપદ્રવ

## કર્તા : શ્રી જ્ઞાનવિમલજી મ.

(રાગ-ધન્યાશ્રી-કડખો)

તાર ! મુજ તાર ! મુજ તાર ! જિનરાજ ! તું,
આજ મેં તોહિ દીદાર પાયો ।
સકલ સંપત્તિ મિલ્યો આજ શુભ દિન વલ્યો,
સુરમણિ આજ [1]અણચિંત આયો-તાર૦ ॥૧॥
તાહરી આણ હું [2]શેષ પરે શિર વહું,
[3]નિરતો સદા હું રહું ચિત્ત-શુદ્ધિ ।
ભમતાં ભવ-કાનને સુરતરૂની પરે,
તું પ્રભુ ! ઓળખ્યો ! દેવબુદ્ધિ-તાર૦ ॥૨॥
અથિર-સંસારમાં સાર ! તુજ સેવના,
દેવના દેવ ! તુઝ સેવ સારે ।
શત્રુને મિત્ર સમભાવી બેહું ગણે,
ભક્ત-વત્સલ સદા બિરુદ ધારે - તાર૦ ॥૩॥
તાહરા ચિત્તમાં દાસ-બુદ્ધિ સદા હું વસું, એહવી વાત દૂરે ।
પણ મુજ ચિત્તમાં તું હિ જો નિત વસે,
તો કિશું કીજીયે મોહ શૂરે ? તાર૦ ॥૪॥
તું કૃપા-કુંભ ! ગતદંભ ! ભગવાન ! તું,
સકલ - વિલોકને સિદ્ધિ - દાતા ।
ત્રાણ મુજ ! પ્રાણ મુજ ! શરણ આધાર તું,
તું સખા ! માત ! ને તાત ! ભ્રાતા ! - તાર૦ ॥૫॥
આતમરામ અભિરામ અભિધાન તુજ,
સમરતાં જન્મનાં દુરિત જાવે ।

તુજ વદન-ચંદ્રમાં નિશ-દિન પેખતાં,
નયન-ચકોર આનંદ પાવે-તાર૦ ॥૬॥
શ્રી વિશ્વસેન-કુળ-કમલ-દિનકર જિશ્યો,
મન વસ્યો માત **અચિરા** મલ્હાયો ।
શાંતિ જિનરાજ ! શિરતાજ દાતારમાં,
અભયદાની શિરે જશ ગવાયો - તાર૦ ॥૭॥
લાજ-જિનરાજ ! અબ દાસની [4]તો શિરે,
અવસરે મોહશ્યું લાજ પાવે ।
પંડિતરાય કવિ-**ધીરવિમલ** તણો,
સીસ ગુણ **જ્ઞાનવિમલાદિ** ગાવે-તાર૦ ॥૮॥

૧ અચાનક, ૨ પ્રસાદીની જેમ, ૩ તારી આજ્ઞામાં રક્ત, ૪ તમારા માથે

## કર્તા : શ્રી ગુણવિલાસજી મ.

### (રાગ-લલિત)

ભવિજન ! સેવો **શાંતિ-જિણંદ** ।
કંચન - બરન મનોહર મૂરતિ,
દીપત તેજ [1]દિણંદ - ભવિ૦...॥૧॥
પંચમ [2]ચક્રધર સોલમ - જિનવર,
**વિશ્વસેન** - નૃપ - કુલ - ચંદ - ભવિ૦...॥૨॥
ભવ - દુઃખભંજન જન - મન - રંજન,
લંછન મૃગ સુખકંદ - ભવિ૦ ॥૩॥
**ગુણવિલાસ** પદ - પંકજ ભેટત,
પાયો પરમાનંદ - ભવિ૦...॥૪॥

૧. સૂર્ય ૨. ચક્રવર્તી

## કર્તા : શ્રી જગજીવનજી મ.

અહો ! મેરે ! નાથ શાંતિ જિણેસર સેવીયે,
સુખદાયક હો સોલસમો જિણંદ નામથી નવનિધિ સંપજે,
જસ જપતાં હો ! જસ જપતાં હો ! થાયે પરમાણંદ
-જગવલ્લભ જિન શાંતિજી-અહો૦...॥૧॥
હત્થિણાઉર પૂર શોભતો, નીતિ પાલક હો ! નીતિ પાલક હો !
**વિશ્વસેન** ભૂપાલ રમણી રતિ રામા જિસી અમિય ગુણ હો !
અચિરા સુવિશાલ - જગ૦ અહો૦...॥૨॥
પ્રભુપદ અનુક્રમે પામીયા, જગ સ્વામીયા હો ! જગસ્વામીયા હો !
વારી વિષય કષાય, સુરપતિ પદ સેવિત સદા ।
ભવભીતા હો ! ભવભીતા હો ! જપતાં દૂરી જાય-જગ૦ અહો૦...॥૩॥
તુઝ [૧]હૃદય-દ્રહે ગંભીરથી, વરદાયક હો ! વરદાયક હો !
[૨]વરવાહિની સાર પ્રાણી ભવ્યામૃત પોષથી
પોષથી શ્રુતસિંધુ મઝાર-જગ૦ અહો૦...॥૪॥
જિન પ્રભુતા [૩]ગિરથી ગ્રહી, વિનવીયા હો વિનવીયા હો !
વિભુ ! તારક દેવ । પરમાતમ નિધિ સંપજે,
જયકારી હો ! જયકારી હો ! જિનવર નિતમેવ-જગ૦ અહો૦...॥૫॥
જિન-ગુણ ગાતાં ભવિ લહે, નિજ સંપદા હો ! નિજ સંપદા હો !
પ્રગટે ગુણ તાસ । ગણી **જગજીવન** ગુણ સ્તવે,
ભવ્ય ભગતી હો ! ભવ્ય ભગતી હો !
ધરી હૃદય ઉલ્લાસ-જગ૦ અહો૦...॥૬॥

૧. હૃદય રૂપ કુંડમાંથી ૨. શ્રેષ્ઠ નદી ૩. વાણીથી

## કર્તા : શ્રી જિનહર્ષજી મ.

(રાગ-જયંતસીરી)

પ્યારો પ્રેમ કો મેરો સાહિબ, ઈસી રીત જપીયે,
પ્રભુ દરિસણ મન ઉલ્લસેરે, [1]કેકી [2]ઘન-ગાજ[3] ।
ઔર સકલ મેં પરિહરી, મેરે એક જીવન શું કાજ-પ્યારો૦ ।।૧।।
પ્રીતમ આયા પ્રાહુણા રે, મો દિલ-મંદિર આજ ।
ભગતિ કરું બહુ તેરીયાં, અબ છોરી સકલ ભય લાજ-પ્યારો૦ ।।૨।।
હિલી મિલી સુખ-દુઃખ કી કહું રે, સાહિબ **(જિનહર્ષ)** ઘો સુખ રાજ।
અંતરજામી સોળમો, તાશું પ્રીત કરૂં જિનરાજ-પ્યા૦ ।।૩।।

૧. મોર ૨. વાદળ ૩. ગર્જના

## કર્તા : શ્રી યશોવિજયજી મ.

હમ મગન ભયે પ્રભુ ધ્યાનમેં, ધ્યાનમેં ધ્યાનમેં ધ્યાનમેં-હમ૦ ।।
બિસર ગઈ [1]દુવિધા તન-મનકી, **અચિરા** સુત ગુણ ગાનમેં-હમ૦ ।।૧।।

હરિ-હર-બ્રહ્મ-[2]પુરંદરકી ઋદ્ધિ, આવત નહિં કોઉ માનમેં ।
ચિદાનંદકી મોજ મચી હૈ, સમતા-રસકે પાનમે-હમ૦ ।।૨।।

ઈતને દિન તુમ નાહિં પિછાણ્યો, મેરો જનમ ગયો અ-જાણમેં ।
અબ તો અધિકારી હોઈ બૈઠે પ્રભુ ગુણ અ-ખય-ખજાનમેં-હમ૦ ।।૩।।

મિટ ગઈ દીનતા સબહી હમારી, પ્રુભ ! તુજ સમક્તિ-દાનમેં ।
પ્રભુ-ગુણ-અનુભવ-રસકે આગે, આવત નહિ કોઉ માનમેં-હમ૦ ।।૪।।

જિણહી પાયા તિણહી છીપાયા, કહત નહિ કોઉ કાનમેં ।
તાલી લાગી જબ અનુભવકી, તબ સમજે કોઉ સાનમેં-હમ૦ ।।૫।।
પ્રભુ-ગુણ-અનુભવ-[૩]ચન્દ્રહાસ જ્યોં, સો તો ન રહે મ્યાનમેં ।
વાચક **જશ** કહે મોહ મહા-અરિ, જીત લીયો હૈ મૈદાનમેં-હમ૦ ।।૬।।

૧. પીડા ૨. ઈંદ્રની ૩. તે નામની શ્રેષ્ઠ તલવાર

## કર્તા : શ્રી મુક્તિવિજય મ.

સેવો સેવોને રાજ **શાંતિ**-જિનેશ્વર સ્વામી ।
સોળમા જિનવર શોભિત સોવન, વરણે શિવગતિ ગામી-સેવો૦ ।।૧।।
જગ-ગુરુ જગ-લોચન-જગ-નાયક, જગ-તારણ હિતકારી ।
જગ-જીવન જગ-બંધવ જિનવર, વંદો સવિ નરનારી-સેવો૦ ।।૧।।
નિજ-નિર્વાણ-સમય પ્રભુ જાણી, બહુ સાધુ પરિવારે ।
**સમેતશિખરે** પધાર્યા પ્રભુજી, આપ તરે પર તારે-સેવો૦ ।।૩।।
માનું શિવ ચડવાની નિસરણી, **સમેતશિખર**-ગિરીંદા ।
આરોહે અલવેસર જિનવર, **અચિરા**-રાણી-નંદા-સેવો૦ ।।૪।।
પદ્માસન-ધારી પરમેશ્વર, બેઠા ધ્યાન-સમાધિ ।
સુરવર સમવસરણ તિહાં વિરચે, હેજશું હૈડું વાધે-સેવો૦ ।।૫।।
તિહાં બેસી ઉપદેશ દીયે પ્રભુ, નિસુણે અસુર-સુરિંદા ।
ભાવ અનિત્ય સકલ ભવ માંહે, દીસે એ સેવી ફંદા૦સેવો૦ ।।૬।।
મ મ કરશો મમતા મનમાંહે, સહુ સંબંધે મલીયું ।
રાખે ભવમાંહે રોકીને, કર્મ-કટક એ બલીયું-સેવો૦ ।।૭।।
તું કોણ ઘરનો ચેતના તાહરી, સમતા સુંદરી નારી ।
શું લાગ્યો મમતા ગણિકાશું ? હોય રહ્યો ભિખારી-સેવો૦ ।।૮।।

ચેતન-સંગ તજો મમતાનો, કરો સમતા શું યારી ।
જો તે જાતિ મીલે હોય જુગતું, અસરિસ સંગ નિવારી-સેવો૦ ॥૯॥
કામ કરો કોઈ એહવું ધારી બંધનો હેતુ નિવારી ।
જેમ ભવ-સ્થિતિ છાંડી અતિ ભારી, વરીયે **મુક્તિ** સુ-નારી-સેવો૦ ॥૧૦॥

## કર્તા : શ્રી જીવવિજય મ.

સુણ દયાનિધિ ! તુજ પદપંકજ મુન મન મધુકર લીનો ।
તું તો રાત દિવસ રહે સુખભીનો-સુણ૦ ॥
પ્રભુ અચિરા માતાનો જાયો, વિશ્વસેન ઉત્તમ કુળ પાયો,
એક ભવમાં દોય પદવી પાયો-સુણ૦...॥૧॥
પ્રભુ ચક્રી-જિનપદનો ભોગી, શાંતિ નામ થકી થાય નીરોગી,
તુજ સમ અવર નહિ દુજો યોગી-સુણ૦...॥૨॥
ષટ્-ખંડ તણો પ્રભુ ! તું ત્યાગી, નિજ આતમ-ઋદ્ધિ તણો-રાગી ।
તુજ સમ અવર નહિ વૈરાગી-સુણ૦...॥૩॥
વડવીર થયા સંજમ-ધારી, કેવળ-દુગ-કમળા સારી ।
તુજ સમ અવર નહિ ઉપકારી-સુણ૦...॥૪॥
પ્રભુ **મેઘરથ** ભવ ગુણખાણી, પારેવા ઉપર કરૂણા આણી,
નિજ-ચરણે રાખ્યો સુખખાણી-સુણ૦...॥૫॥
પ્રભુ કર્મકટક ભવ-ભય ટાળી, નિજ આતમ-ગુણને અજુઆળી ।
પ્રભુ પામ્યા - શિવવધૂ લટકાળી - સુણ૦.॥૬॥
સાહેબ ! એક મુજરો માની જે, નિજ સેવક ઉત્તમ-પદ દીજે,
રૂપ કીર્તિ કરે તુજ **જીવવિજે**-સુણ૦.॥૭॥

# શ્રી શાંતિનાથ ભગવાનની થોય

## શ્રી વીરવિજયજી કૃત થોય

શાંતિ સુહંકર સાહિબો, સંયમ અવધારે ।
સુમિત્રાને ઘેર પારણું, ભવ પાર ઉતારે ।।
વિચરંતા અવની તલે, તપ ઉગ્ર વિહારે ।
જ્ઞાનધ્યાન એક તાનથી, તિર્યંચને તારે ।।૧।।
પાસ વીર વાસુપૂજ્યને, નેમ મલ્લી કુમારી ।।
રાજ્ય વિહુણા એ થયા, આપે વ્રત ધારી ।।
શાંતિનાથ પ્રમુખા સવિ, લહી રાજ્ય નિવારી ।।
મલ્લી નેમ પરણ્યા નહીં, બીજા ઘરબારી ।।૨।।
કનક કમલ પગલાં ઠવે, જગ શાંતિ કરિજે ।।।
રયણ સિંહાસન બેસીને, ભલી દેશના દીજે ।।
યોગાવંચક પ્રાણિયા, ફલ લેતાં રીઝે ।।
પુષ્કરાવર્ત્તનાં મેઘમાં, મગસેલ ન ભીંજે ।।૩।।
ક્રોડ વદન શૂકરારૂઢો[૧], શ્યામરૂપે ચાર ।।
હાથ બીજોરૂં કમલ છે, દક્ષિણ કર સાર ।।
જક્ષ ગરૂડ વામ પાણીએ, નકુલાક્ષ વખાણે ।।
નિર્વાણીની વાત તો, **કવિ વીર** તે જાણે ।।૪।।

---


૧. શૂકર (ભુંડ) ઉપર ચઢેલો

## શ્રી પદ્મવિજયજી કૃત થોય

વંદો જિન શાંતિ, જાસ સોવન્ન કાંતિ ॥
ટાલે ભવ ભ્રાંતિ, મોહ મિથ્યાત્વ શાંતિ ॥
દ્રવ્યભાવ અરિ પાંતિ,[1] તાસ કરતા નિકાંતિ[2] ॥
ધરતા મન ખાંતિ, શોક સંતાપ વાંતિ ॥૧॥
દોય જિનવર નીલા, દોય ધોળા સુશીલા ॥
દોય રક્ત રંગીલા, કાઢતાં કર્મ કીલા ॥
ન કરે કોઈ હીલા, દોય શામા સલીલા ॥
સોલ સ્વામીજી પીલા, આપજો મોક્ષ લીલા ॥૨॥
જિનવરની વાણી, મોહવલ્લી કૃપાણી[3] ॥
સૂત્રે દેવાણી, સાધુને યોગ્ય જાણી ॥
અર્થે ગુંથાણી, દેવ મનુષ્ય પ્રાણી ॥
પ્રણમો હિત આણી, મોક્ષની એ નિશાની ॥૩॥
વાગેશ્વરી દેવી, હર્ષ હિયડે ધરેવી ॥
જિનવર પદ સેવી, સાર શ્રદ્ધા વરેવી ॥
જે નિત્ય સમરેવી, દુઃખ તેહનાં હરેવી ॥
**પદ્મવિજય** કહેવી, ભવ્ય સંતાપ ખેવી ॥૪॥

---

૧. શ્રેણી ૨. વિનાશ ૩. તલવાર



## અમૃત કણ

- જિન ભક્તિએ જે ન સીધ્યું, તે બીજા કશાથી ન સીઝે.
- અરિહંત મળ્યા પછી અરિહંતની કદર કેટલી એમની પાછળ ઘેલા થઈ જઈએ ખરા ?
- "નિગોદમાંથી અહીં સુધી ઉંચે આવ્યા એ અરિહંતની કૃપાથી" આ ભાવથી ભગવંત પરનો કૃતજ્ઞત્તા ભાવ જીવંત રાખો.
- જૈનધર્મનું ભવાંતરમાં રિઝર્વેશન કરાવવું હોય તો અરિહંતની પાછળ પાગલ બની જાવ.
- પરમાત્માની વંદનામાં એકાકારતા એ મહાયોગ છે.

ન્યાયવિશારદ, વર્ધમાન તપોનિધિ પૂજયપાદ આચાર્ય
શ્રી ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ

# શ્રી શાંતિનાથ ભગવાનની જીવન ઝલક

| | | | |
|---|---|---|---|
| પિતાનું નામ | : વિશ્વસેન | માતાનું નામ | : અચીરારાણી |
| જન્મ સ્થળ | : ગજપુરી | જન્મ નક્ષત્ર | : ભરણી |
| જન્મ રાશી | : મેષ | આયુનું પ્રમાણ | : ૧ લાખ વર્ષ |
| શરીરનું માપ | : ૪૦ ધનુષ | શરીરનું વર્ણ | : સુવર્ણ વર્ણ |
| પાણિ ગ્રહણ | : ૬૪૦૦૦ સ્ત્રી | કેટલા સાથે દીક્ષા | : ૧૦૦૦ સાધુ |
| છદમસ્થ કાળ | : ૧ વર્ષ | દીક્ષા વૃક્ષ | : નંદીવૃક્ષ |
| ગણધર સંખ્યા | : મેષ | આયુનું પ્રમાણ | : ગજપુર |
| સાધુઓની સંખ્ | : ૪૦ ધનુષ | શરીરનું વર્ણ સંખ્યા | : ૬૧૬૦૦ |
| શ્રાવકની સંખ્ય | : ૬૪૦૦૦ સ્ત્રી | કેટલા સાથે દી ખ્યા | : ૩૯૩૦૦૦ |
| અધિષ્ઠાયક યક્ષ | : ૧ વર્ષ | દીક્ષા વૃક્ષ યક્ષિણી | : નિર્વાણી દેવી |
| પ્રથમ ગણધરનું ન | યુધ | પ્રથમ આર્યાનું નામ | : સૂચી |
| મોક્ષ આસન | : કાઉસગ્ગ | ભવ સંખ્યા | : બાર ભવ |
| ચ્યવન કલ્યાણક | : શ્રાવણ વદિ ૭ | જન્મ કલ્યાણક | : વૈશાખ વદિ ૧૩ |
| દીક્ષા કલ્યાણક | : વૈશાખ વદિ ૧૪ | કેવલજ્ઞાન કલ્યાણક | : પોષ સુદિ ૯ |
| મોક્ષ કલ્યાણક | : વૈશાખ વદિ ૧૩ | મોક્ષ સ્થાન | : સમેતશીખર |

મુદ્રક : રોનક ઓફસેટ - અમદાવાદ. ફોન : ૦૭૯-૬૬૦૩૯૦૩